# સહજ-સત્સંગ

અંક : ૨૩૭ વર્ષ : ૨૦ કાર્યકારી તંત્રી : માનસિંહભાઈ ચાવડા સપ્ટેમ્બર : ૨૦૦૮



## Attachment in the Emotive Vital for the Divine

(પ્રાણિક ભાવનાઓનું દિવ્યતા પ્રત્યે આકર્ષણ)

**ઓર્ચિડ પ્રાણમય ભાવના, પ્રભુ પ્રત્યે ખેંચાય,**
**જાણે સાગર ઉછળતો, ચંદ્રબિંબને ગ્રસવા જાય.**




શ્રી માતાજી

મા કૃપાળી વરદાયિની, દે મુજને વરદાન,
તવ તપને અનુસરી, આ જગત બને પ્રભુધામ.

# પ્રાર્થના અને ધ્યાન

(તા.૧૦-૪-૧૪)



‘‘એકાએક પડદો હઠી ગયો. .... એક નિર્મળ વિશુદ્ધ, પ્રશાંત વિરાટ વિશાળતા જ માત્ર વ્યાપી રહી છે. પ્રેમ અને પ્રકાશથી તે તરબોળ બનેલી છે. એક શબ્દાતીત આનંદ તેમાં છલકાઈ રહ્યો છે. હવે તો જાણે કે આ જ મારું સ્વરૂપ છે. અને આ ‘હું ’ તે મારા પૂર્વ કાળના સંકુચિત, સ્વમગ્ન ‘હું’ થી એટલું તો જુદું જ છે કે તે ‘હું’ છું કે ‘તું’ તે કહેવું મુશ્કેલ છે.

... ‘હું’ અદૃશ્ય થઈ ગયું છે. હવે તો તારી સેવામાં સમર્પિત થએલું એક નમ્ર કરણ જ માત્ર હસ્તીમાં છે. તારી અનંત અને શાશ્વત જ્યોતિને એકાગ્ર બનવા માટેનું, પ્રગટ થવા માટેનું એ એક કેન્દ્ર જ બની રહ્યું છે. મારું જીવન તેં અપનાવી લીધું છે. તેને તારું બનાવી દીધું છે....

તારા સિવાય હવે બીજું કશું હસ્તીમાં નથી રહ્યું.’’

મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ સંચાલિત,
મા શ્રી અરવિંદ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિંદ અને શ્રી માતાજીના
યોગ દર્શનની સાદી સરળ ભાષામાં સમજણ
આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

# સહજ-સત્સંગ

અંક : ૨૩૭ વર્ષ : ૨૦

સપ્ટેમ્બર - ૨૦૦૮

સંસ્થાપક અને આદ્યતંત્રી
**સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

કાર્યકારી તંત્રી -
**માનસિંહભાઈ ચાવડા**
૭, સાનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક,
ઈન્કમટેક્સ ઓફીસ પાછળ,
રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

ટ્રસ્ટી મંડળ :
**ભારતીબેન ત્રિવેદી**
**હર્ષદભાઈ ઠકરાર**
**લલીતભાઈ ઉપાધ્યાય**
**કમલેશભાઈ માંડવીયા**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,
કાલાવડ રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

સંપર્ક માટે :
**શ્રી હર્ષદભાઈ ઠકરાર**
મોબાઈલ : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ
**લા ક્રિએટા**
ફોન : ૨૪૬૫૦૭૮ - રાજકોટ

: Editor :
**"Sahaj Satsang"**
"Arpan", 259, Vrindavan Society,
Kalawad Road, Rajkot - 360 005



લવાજમ

**વાર્ષિક માતૃચરણે અર્પણ**

વાર્ષિક રૂા. ૧૦૦/-

કૃપયા મનીઓર્ડરથી અર્પણ મોકલશો નહિ.
એકાઉન્ટ પેયી ચેક/ડ્રાફ્ટ/પોસ્ટલ ઓર્ડરથી

**મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ-'રાજકોટ
ના નામે મોકલશો.**

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિંદના
લખાણો તથા તસ્વીરો શ્રી અરવિંદ આશ્રમ
ટ્રસ્ટ - પોંડિચેરીના કોપી રાઈટ છે.)

# પ્રાર્થના અને ધ્યાન

(૧૦-૪-૧૪)

- માન

માતાજીની પોતાની ચેતનાની દેહ સાથેની એકરૂપતા અંતે ભાંગી પડી છે. માતાજીને એવું લાગે છે કે તેમની સંકુચિત ચેતના પાછળ રહેલી વિશાળ ચેતના જાણે પેલી સંકુચિત ચેતનાને હડસેલાં મારીને પોતે અગ્રભાગે આવી ગઈ છે. માતાજી પોતાની આ અનુભૂતિને કારણે સમજણ ઉપર પડેલો પડદો હઠી ગયો હોય એવું અનુભવે છે. એક આવરણ ખસી ગયું છે એવું અનુભવે છે.

માતાજી પોતાની આ નવજાત ચેતનાને જે રીતે અનુભવે છે. તેનું વર્ણન કરતાં ત્રણ વિશેષણો વાપરે છે અને આગળ જતાં એક ચોથું લક્ષણ પણ જણાવે છે. તે વિશેષણો નીચે મુજબનાં છે. (૧) નિર્મળ અને વિશુદ્ધ (૨) પ્રશાંત (૩) વિરાટ અને વિશાલ (૪) જ્યોતિ સ્વરૂપ.

નિર્મળ અને વિશુદ્ધનો અર્થ છે કુવિચારો અને વિકારોથી જે ચેતના મલીન થએલ નથી એવી ચેતના. આનો અર્થ એ છે કે માતાજીની ચેતના ઉપરની અવચેતન અને અચેતનની પકડ ઢીલી પડી ગઈ છે. તેઓ મનફાવે ત્યારે માતાજીના મન અને પ્રાણને મલીન કરી શકતા નથી. માતાજીની વિવેકશક્તિ સદા જાગૃત બની પોતાનું કાર્ય બરાબર કરી રહી છે.

પ્રશાંતનો અર્થ છે કે ફક્ત ખરાબ વિચારો અને ભાવનાઓ નહિં પણ બધા જ પ્રકારનાં વિચારો અને ભાવના-તરંગો પણ શમી ગયાં છે. માતાજીનું ચિત્ત તદ્દન શાંત, સ્થિર અવસ્થામાં લાંબો સમય રહી શકે છે. પ્રશાંતિનો અર્થ છે ગાઢ અને ટકાઉ શાંતિ.

વિરાટ અને વિશાલનો અર્થ છે સંકુચિત સીમાઓ વગરની અસીમ-ચેતના. કોઈ પણ ચેતના બે મર્યાદાઓને કારણે સંકુચિત થાય છે. સ્થળની મર્યાદા અને કાળની મર્યાદા. સ્થળ અને કાળ આ બન્ને આપણી ચેતનાને મર્યાદિત કરે છે. પોતાને શરીર પુરતી મર્યાદિત ચેતના અનુભવવી એ સ્થળની મર્યાદા સ્વરૂપ છે. જ્યારે શરીરની હયાતી સુધી જ પોતે જીવન ધરાવે છે, ચેતના ધરાવે છે, એમ સમજવુંએ કાળની મર્યાદા સ્વરૂપ છે. આ સ્થળકાળની મર્યાદાઓને કારણ ચેતના સંકુચિત થતી અનુભવાય છે. ચેતનાનો મૂળ સ્વભાવ અસીમતા છે. તેને સ્થળ-કાળની મર્યાદાઓમાંથી મુક્તિ એટલે જ વિશાળ અને વિરાટ ચેતના,

મુક્ત ચેતના.

અંતે માતાજી આ શુદ્ધ અસીમ ચેતનાના સ્વભાવનું વર્ણન કરે છે. તે પ્રકાશ સ્વરૂપ છે. જ્યોતિ સ્વરૂપ છે. તે સ્વયંપ્રકાશિત છે. આ પ્રકાશ સ્વસભાનતાનો હોય છે. ચેતના પોતાના સ્વરૂપ બાબત સંપૂર્ણ સભાન હોય છે. સ્વસભાનતાના સતત ચૈતસિક આંદોલનો ઉત્સર્જીત થતા હોય છે. જેને શાસ્ત્રો 'નાદ' કહે છે. જેમ જેમ ઉગ્ર બને તેમ તેમ આ આંદોલનો તીવ્ર બનતા જાય છે. તેને કારણે ચેતનામાં સ્વયંભૂ પ્રકાશ નિર્માણ થાય છે. તેથી માતાજી ચેતનાને જ્યોતિ-સ્વરૂપ જણાવે છે. આ પ્રકાશ જ આનંદ સ્વરૂપ છે. તેમાંથી જ તેને દિવ્ય-આનંદ પ્રાપ્ત થાય છે. તેથી માતાજી તેની ચેતનાને આનંદથી છલકાતી અનુભવે છે.

આગળ માતાજી જણાવે છે કે તે પોતે પોતાની ચેતના સાથે એકરૂપતા અનુભવે છે તે વિશાલતા, અસીમતા, આનંદ, પ્રકાશમયતા પોતાનાં જ સ્વરૂપનાં લક્ષણો તેમને લાગે છે.

માતાજી અત્યાર સુધી પોતાનો હું એટલે 'મીરાં અલ્ફાંઝા' ગણતા હતાં પણ હવે તે વિશિષ્ટ ભૂતકાળ સાથેનો હું તદ્દન નાશ પામ્યો છે. તેની જગ્યાએ આ દિવ્ય-ચેતના ગોઠવાઈ ગઈ છે.

તો પછી પેલા નાનકડા શરીરધારી સ્વરૂપનું શું ? શું તે તદ્દન નિરૂપયોગી છે ? કે ભ્રમ છે ? માતાજી કહે છે પેલી વિશાલ જ્યોતિર્મય આનંદ સ્વરૂપ શુદ્ધ ચેતનાને એકાગ્ર થઈને પ્રગટ થવા જે આવિર્ભાવ કેન્દ્રની જરૂર છે તે માટે આ સંકુચિત કેન્દ્રની રચના થઈ છે. તે ચેતનાએ આ કેન્દ્રનો કબજો લઈ લીધો છે. અને હવે માતાજી અનુભવે છે કે તે તેમનું વામણું સ્વરૂપ પણ હવે તેમનું રહ્યું નથી. પણ તે પ્રભુનું એક રૂપ બની ગયું છે.

## અમારી પ્રાર્થના

આવે તો આવજે
તારા સૌભાગ્યો સર્વે લાવજે,
ઓ પેલું સ્વપ્ન સોનેરી,
ઊતરો ભૂમિ - આંગણે.

- શ્રી સુંદરમ્
તા.૨૮.૮.૮૨

# શ્રી અરવિંદોપનિષદ

પ્રકરણ-૬

- માન

## શ્રી અરવિંદનું મૌલિક - પ્રદાન

### અણુ વા મહત્ વા ।

શૂક્ષ્મ અણુ અથવા સહુથી વિશાળ વસ્તુ પણ તે જ છે. શ્રી અરવિંદ બ્રહ્મતત્વનું સ્વરૂપ જણાવી રહ્યાં છે. જગતમાં જે કાંઈ છે તે બ્રહ્મજ છે. બધું જ બ્રહ્મ છે એવું ગત પ્રકરણમાં જણાવેલ છે. આનો અર્થ એ કે જગતમાં જે વિવિધ આકારોને કારણે, રંગ-રૂપોને કારણે, ગુણધર્મોને કારણે જે વસ્તુ વસ્તુ વચ્ચેની ભિન્નતા છે તે ભેદભાવ બ્રહ્મતત્વની એકતાને સ્પર્શી શકતા નથી. ભારતીય વ્યક્તિ કહીએ ત્યારે તેની ઉંચાઈ, રંગરૂપ, ભાષા, ધર્મ, જાતિ અને જ્ઞાતિ, શિક્ષણ, સ્વભાવવિશેષ આ બધા જ ભેદો ગૌણ થઈ જાય છે. આવા ભેદો દેખાય છે પણ તે ભારતીયતાના મૂળસ્વરૂપનાં લક્ષણો નથી. મૂળ-લક્ષણોમાં તેનો સમાવેશ થતો નથી.

શ્રી અરવિંદ, બ્રહ્મતત્વ આવા ભેદો ધારણ કરી જ શકતું નથી એમ તેમનું કહેવું નથી. તે લક્ષણો જો ધારણ ન કરી શકતું હોય તો તે તે લક્ષણો પોતે બ્રહ્મ નથી એમ જ કહેવા જોગ છે. અથવા બ્રહ્મ તત્વની ધારણ ક્ષમતા મર્યાદિત છે એમ કહેવું પડશે. પણ મૂળતઃ બ્રહ્મ-શબ્દનો અર્થ જ છે સર્વવ્યાપિ. બધામાં અવિરોધ રીતે સંવાદમયરીતે રહેલ ચેતના તત્વ.

શંકરાચાર્ય અને શ્રી અરવિંદ આ બન્નેની વિચાર સરણીમાં મૂળભૂત તફાવત છે. તે આ જ છે. શ્રી શંકરાચાર્ય બ્રહ્મતત્વ નિરાકાર જ છે. સાકારતા ભ્રમ માત્ર છે. અથવા ઉતરતી કક્ષાનું સત્ય છે. એવું માને છે. તે તત્વ સાકારતાહીન છે. તે સ્પષ્ટ કરવા જ શાસ્ત્રોમાં બ્રહ્મતત્વને ભેદ-શૂન્યતા વાળું દર્શાવેલ છે. અભેદ-દર્શક ગણેલ છે. ભેદ બ્રહ્મતત્વમાં થઈ જ શકતો નથી એવા ભેદના પ્રકાર પાડતાં - અન્યોન્યભેદ, સ્વજાતિભેદ, સ્વગતભેદ વગેરે લક્ષણો દર્શાવેલાં છે. આને કારણે નિરાકાર અસીમ, અરૂપ, સર્વવ્યાપિ ચેતના જે ફક્ત અસ્તિત્વ માત્ર છે. તે જ બ્રહ્મ છે, બાકી બધું જ માયા છે. તેની ઉપર રચાયેલો

ભ્રમ માત્ર છે. એ તારણ ઉપર શંકરાચાર્ય આવ્યાં

'બ્રહ્મસત્ય જગન્મિથ્યા જીવો બ્રહ્મૈવ નાપરઃ આ પ્રતિપાદનમાં ઉપરનો અર્થ અભિપ્રેત છે. જ્યાં જ્યાં ભેદ છે ત્યાં ત્યાં માયા છે. વિકૃતિ છે, ભ્રમ છે, તે અસત્ય છે. એવી શંકરાચાર્યની મૂળભૂત તાત્વિક ભૂમિકા હતી.

અર્થાત જીવનના અનુભવોને અંતે તેમનો આ અત્યાગ્રહ મોળો પડતો ગયો. અને તેમણે બ્રહ્મ-શક્તિ પણ બ્રહ્મતત્વ જેટલી જ સત્ય છે. ઉતરતી કક્ષાનું સત્ય નથી એવું માન્ય કર્યું છે.

શંકરાચાર્યનાં શુદ્ધ અદ્વૈતવાદ સામે વિપ્લવ જગાડનાર શ્રી અરવિંદ પ્રથમ-વ્યક્તિ નહોતાં. રામાનુજાચાર્ય અને મધ્વાચાર્ય તેમની પહેલાં છે. બન્નેનો વિપ્લવનો આધાર જુદોજુદો હતો.

શ્રી રામાનુજાચાર્યના મતે મૂળભૂત વિચારભેદનો પ્રશ્ન હતો; બ્રહ્મ સાક્ષાત્કાર પછી જીવાત્મા પોતાનું આગવું-સ્વરૂપ સાચવી રાખે છે કે તેને વિખેરી નાખે છે.

વ્યાસ અને શંકરાચાર્ય એમ માને છે કે યોગીનું વ્યક્તિત્વ સાક્ષાત્કાર પછી ટકતું જ નથી. જેમ મીઠાની ગાંગડી પાણીમાં ઓગળી જાય તેમ તેનાં સ્વરૂપનાં તત્વો જે તે તત્વોમાં ઓગળીને નામશેષ બની જાય છે. સાક્ષાત્કાર પછી આવું વ્યક્તિત્વ સંસ્કારવશાત્ થોડો કાળ ટકી રહે પણ તેની નિયતિ તો નામશેષ થવાની જ છે. કુંભારના ચાકડાને ગતિ આપીને તેના ઉપરના માટીના પિંડાને ઘડાનો આકાર આપીને તે પિંડ ચાકડા ઉપરથી ઉતારી લઈએ તો પણ કુંભારનો પેલો ચાકડો તો પોતાને મળેલી ગતિના આધારે થોડોકાળ ફરતો જ રહે છે; તેમ સંસારમાં આવવાથી યોગીના ચિત્તને મળેલી સંસ્કારોની ગતિને કારણે યોગી સાક્ષાત્કાર બાદ પણ પોતાનું વ્યક્તિત્વ થોડોકાળ ટકાવી રાખે છે. આ સંસ્કારો નષ્ટ થતાં જ યોગીનું સ્થુળ-શરીર દેહાવસાનને કારણે નષ્ટ થયા પછી શૂક્ષ્મશરીર અને કારણ શરીર પણ લાંબા ગાળે ઓગળી જાય છે અને તે યોગી વ્યક્તિત્વશૂન્ય બનીને સાચા અર્થમાં બ્રહ્મ-સ્વરૂપ બની જાય છે. બ્રહ્મનિર્વાણ આ એક જ અંતિમ ગતિ છે. આ શમી ગએલું વ્યક્તિ સ્વરૂપ ફરી નિર્માણ થતું જ નથી. તે તેનો કાયમી વિલય બની જાય છે.

વ્યાસ પોતાના યોગ-સૂત્રોમાં છેલ્લા સૂત્રમાં આ વસ્તુને ખૂબજ ભારપૂર્વક જણાવે છે. અનાવૃત્તિ શબ્દાત્ 'અનાવૃત્તિ શબ્દાત્' વેદો, તેઓ પાછા આવતાં નથી. તેમ જણાવે છે. એવું તેમનું કહેવું છે.

પોતાના ઉપદેશનું અંતિમ વિધાન કરતી વખતે દ્વિરૂક્તિની પદ્ધતિ હતી. આજે પણ છે. ભારમૂકવા આપણે પણ દ્વિરૂક્તિ કરીએ જ છીએ.

રામાનુજાચાર્યનું કહેવું છે કે આ જીવાત્મા પોતાનું દિવ્ય-સ્વરૂપ અર્થાત કારણ શરીરનો વિલય કરતો નથી. તેને ટકાવી રાખે છે. જો આ ભેદભાવોથી ભરપૂર સંસારમાં રહેતી વખતે પણ યોગી બ્રહ્મતત્વની એકતા અનુભવી શકે છે. તો તેને કારણ-શરીર ટકાવવામાં ક્યાં નડતર થાય છે ? કારણ શરીર - ધ્યાન સમાધિ જેવાં દિવ્યજ્ઞાન અને દિવ્ય આનંદને ધારણ કરી રાખનાર સાધન છે. રામાનુજાચાર્ય શૂક્ષ્મશરીરને ટકાવી રાખવાનો આગ્રહ રાખતા નથી. પણ કારણ શરીરની સનાતનતાનો જ આગ્રહ રાખે છે. તે માટે ગીતાના નીચેના શ્લોકોમાંનો 'સનાતન' શબ્દ - ઉપર ભાર મૂકે છે.

'મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ' જીવાત્મા એ બ્રહ્મ-ચેતનાનો સનાતન-અંશ છે એમ તેઓ માને છે. જ્યારે વ્યાસ અને શંકરાચાર્ય તેમને પણ માયાક્ષેત્રની ઘટના જ ગણાવે છે. આ જ મૂળભૂત તાત્વિક-તફાવત શંકરાચાર્ય અને રામાનુજાચાર્ય વચ્ચે છે. રામાનુજાચાર્ય વિશિષ્ઠાદ્વૈતમાં માનતા હતાં. વિશિષ્ઠાદ્વૈત એટલે જ યોગી કારણ-શરીરની વિશેષતા-વિશિષ્ઠતા જાળવીને પણ બ્રહ્મ-તત્વ સાથે સંપૂર્ણ એકતા-અદ્વૈત-સાધી શકે છે એવો સિદ્ધાંત. મધ્વાચાર્ય હવે રામાનુજાચાર્યથી પણ એક ડગલું આગળ વધે છે. તેઓ કહે છે કે રામાનુજાચાર્ય જેમ માને છે કે શૂક્ષ્મ-શરીર નષ્ટ થવું જ જોઈએ, તો તેવો પણ કોઈ સિદ્ધાંત નથી. હાલના તબક્કે શૂક્ષ્મશરીર બ્રહ્મ-ચેતના અને બ્રહ્મ-શક્તિનું પોષણ મેળવી શકતું નથી. તેથી તે અશક્ત અને માયકાંગલું છે. તે નિર્બળ છે, તેથી તેને ત્યાગવું પડે છે. પણ જો તેને પણ બ્રહ્મ-શક્તિથી (ઉપનિષદો તેને 'બ્રહ્મવર્ચસ' કહે છે અને શ્રી અરવિંદ અતિમનસ શક્તિ) ભક્તિદ્વારા પોષણ અપાય તો તે શરીર પણ પુષ્ટ થઈને શાશ્વત અને સનાતન બની શકે છે. પુષ્ટિમાર્ગનું આ મૂળભૂત સત્ય ગણાએલ છે. સારાંશ મન, પ્રાણ અને શૂક્ષ્મ પાર્થિવ તત્વનું બનેલું શૂક્ષ્મ-શરીર પણ શરતી ધોરણે શાશ્વત બની શકે છે. જે યોગીએ આ રીતે પોતાનું કારણ અને શૂક્ષ્મ શરીર વિકસાવ્યું હોય તેના બન્ને શરીરો બ્રહ્મતત્વની સનાતનતામાં સહભાગી થઈ શકે છે. આને 'શુદ્ધ દ્વૈત' સિદ્ધાંત કહે છે. અહિં 'શુદ્ધ'નો અર્થ છે બ્રહ્મશક્તિથી પોષણમેળવી દિવ્ય બનેલા, શુદ્ધ બનેલા શૂક્ષ્મ શરીરની કાયમી અલગ અવસ્થાનો સિદ્ધાંત.

શ્રી અરવિંદ હવે મધ્વાચાર્યથી પણ એક ડગલું આગળ વધે છે. તેઓ

જણાવે છે કે મધ્વાચાર્ય કહે છે તેમ સ્થૂળ-શરીર પણ નાશ પામવું જ જોઈએ એવો સિદ્ધાંત નથી. જે નિયમ મધ્વાચાર્યે શૂક્ષ્મ-શરીરને લગાડયો તે જ સિદ્ધાંત સ્થૂળશરીરને લગાડીએ તો સ્થૂળ-શરીરને પણ બ્રહ્મ-શક્તિનું પોષણ આપીને અને અતિમાનસિક કરીને તે સનાતનતા પ્રાપ્ત કરી શકે છે.

શ્રી અરવિંદે તે માટે ચેતનાની ઉત્ક્રાંતિનો ખ્યાલ આગળ મૂક્યો અને પોતાના સિદ્ધાંતોને આજના વૈજ્ઞાનિક-ખ્યાલો સાથે સુસંગત કર્યો. મધ્વાચાર્યના વિચારપ્રણાલિ પાછળ વૈશ્વિક ઉત્ક્રાંતિનો ખ્યાલ જરાપણ નહોતો. તેઓ સાધના અને ભક્તિ દ્વારા વ્યક્તિગત વિકાસનો જ ખ્યાલ ધરાવતા હતા. શ્રી અરવિંદે તેને બદલે વિશ્વવ્યાપિ અખંડ ચાલતી ઉત્ક્રાંતિનો ખ્યાલ આપ્યો. સાક્ષાત્કાર પછી પણ પૂર્ણયોગની વિકસતી-કક્ષાઓ છે એ શ્રી અરવિંદની ભૂમિકાનો પાયો અહિં નંખાયો છે.

આ ઉપરથી શ્રી અરવિંદનું પોતાનું મૌલિક-પ્રદાન શું છે તેનો ખ્યાલ આપણને આવશે અને આપણે તેમની સાચી મહત્તા સમજી શકશું. સાથે સાથે શંકરાચાર્ય સામેની ઉપર છલ્લી વિરોધી ભૂમિકાને જ લોકો સામે મૂકી વૈદિક-પરંપરામાં માનનારા સામાન્ય-શ્રદ્ધાળુ લોકોથી અળગા થવાની ભૂમિકા આ ભરતખંડની ચેતનાના સર્વગ્રાહી અને સમન્વયતાત્મક વિકાસમાં અવરોધ રૂપ પણ બનવાની શક્યતા છે, જે વૈશ્વિક ઉત્ક્રાંતિમાં ભારતના પ્રદાન સ્વરૂપ મહત્વના પરિબળને (જગત્ગુરૂથવાના) અવરોધવા જેવું જ બનશે. રાજકીય રીતે ખંડીત ભારત કરતાં આ દાર્શનિક ખંડન વધારે ભયંકર છે એવું જ લાગે છે. સમન્વય અને સારગ્રહણ એજ રચનાત્મક અભિગમ યોગ્ય રહેશે.

ભૂતકાળમાં સાર્વત્રિક-સ્વિકારનું તત્વ ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં સક્ષમરીતે કાર્ય કરી શકતું નહોતું. તેથી વંશવારસા દ્વારા ઉત્ક્રાંતિ અભાનરીતે સાર્વત્રિક-સ્વિકારના તત્વને સક્રિય કરતી હતી. પણ તેથી ઉત્ક્રાંતિની પ્રક્રિયા મંદ પડીને લાખો વર્ષ-બાદ ધાર્યો પરિણામ આવતો હતો. વાનરમાંથી માનવ થવા શા માટે લાખો વર્ષ લાગ્યા તેનું આ કારણ છે. આજનો તબક્કો ઝડપી અને સભાન ઉત્ક્રાંતિનો હોવાથી સાર્વત્રિક-સ્વિકારનું મહત્વ વધી જાય છે. તે માટે જ સર્વ સમાવેશક માર્ગ અનુકુળ લાગે છે.

આપણે સાચા અર્થમાં શ્રી અરવિંદના પગલે ચાલવાનું છે. ભૂતકાળના બધા જ દર્શનોનું સાર તત્વ લેતાં લેતાં, શુદ્ધ અધ્યાત્મને સમાજમાં પ્રતિષ્ઠિત કરતાં કરતાં, સાચવી સાચવીને આગળ વધશું તો રાજકીય અને વૈચારીક રીતે

## સમર્પણ

સમર્પુ મા અમ્બા, નિજ સકળ તારાં ચરણમાં
સદા તારું મીઠું સ્મરણ મુજ હૈયે રમી રહો
વિલાસોની વાંચ્છા નવ, યશ ન, સિદ્ધાઈ ન ચહું
હું તો માગું મારું હૃદય તવ પ્રીતે નિત વહો
નિરાળો નિર્લોભી અમલ ધવલો પ્રેમ પ્રગટે
જગન્માતા ! મારું હૃદય બસ એ પ્રેમ જ રટે.

નિહાળી સોનેરી ભવવિભવની મોહ-છલના
અરે ! જોજે તારો અબુધ શિશુ ભૂલો નવ પડે
તને ભૂલે ના હો, જનની ! પળવારે નીરખજે
કદી કામે લોભે જીવન હરતાં ઝેર ન ચડે
ન જાણે માતા કે તુજ વિણ સહારો કંઈ નથી ?
અકેલી તું મા છે, અભય કર મીઠી નજરથી.

ન જાણું હું તારું પુનિત મધુરું નામ જપતાં
નથી, ભક્તિ-પ્રજ્ઞા તવ ચરણ પદ્મે લઈ જતાં
નથી ઊંડો સાચો રગરગ ભર્યો પ્રેમ, જનની !
અધૂરો હું મારા નવ કહીં વિલાપો વિરમતા.
હવે ચાંપી હેતે હૃદય સરસો પ્રેમ તવ દે
કૃપાનાં હો તારાં કિરણ થકી નિઃસીમ વરદે !

(શ્રી રામકૃષ્ણ પરમહંસની જગદંબાને પ્રાર્થના'નો અનુવાદ)

- શ્રી મકરંદભાઈ દવે



માનવનો અંતરાત્મા ભગવાનનો એક અંશ હોવાના કારણે તે ભગવાનની પ્રતિકૃતિ પણ છે. માનવના પૂર્ણ વિકાસને માટે, તેને પૂર્ણ રૂપમાં દિવ્ય બનાવવા માટે ખાસ અનિવાર્ય છે કે તે વિવિધ દિવ્ય ગુણો સંપન્ન વ્યક્તિત્વ થાય, તે માટે પોતાની અંદરના ભગવાનના ઐશ્વર્યને તે પ્રાપ્ત કરે. તમે ભગવાનને સમર્પિત થઈ જાવો – એ સિવાય છૂટકો જ નથી.

– શ્રી માતાજી

અખંડ ભારતમાં આધ્યાત્મિક શક્તિને વ્યાપક-ધોરણે સાચી સમજણથી સક્રિય કરી શકીશું. અર્થાત આ મારા વૈયક્તિક ખ્યાલો છે. શ્રી અરવિંદની સમન્વયાત્મક પ્રજ્ઞાને હું મારા માટે યોગ્ય ગણું છું. આ ભૂમિકાથી જ શ્રી અરવિંદોપનિષદ સમજવું મને જરૂરી લાગે છે.

પ્રભુ પોતે જ ઉત્ક્રાંતિને કારણે વિશ્વપ્રકૃતિને ઓછામાં ઓછું નુકસાન કરીને, સર્વ સામાન્ય સામુહિક ચેતનાના દરજ્જાને ધ્યાનમાં લઈને, તેની સમતુલા ન ખોરવતા, ઉત્ક્રાંતિ સાધી રહ્યાં છે. આ પ્રભુનો વિશ્વ-નિયમ છે. આપણે તેને અનુસરવું જોઈએ. ભાંગી નાખવાની, તોડી નાખવાની, આંખે વળગે એવી ક્રાંતિ સર્જવાની ઈચ્છા એ અહંકારની મેલી રમત હોય છે. ઉત્ક્રાંતિ એ સર્વસામાન્ય ચેતનાની કક્ષાનુસાર જ આગળ વધતી હોય છે એ નક્કર સત્ય ભૂલવું એટલે ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં ખલેલ પહોંચાડવા જેવું જ છે. અતિ ઉત્સાહમાં શ્રી અરવિંદના કાર્યને અવરોધવા જેવું છે.

શ્રી અરવિંદ જગત અને તેની સત્યતાને ભ્રાંતિ સ્વરૂપ ઘટના ગણતા નથી, પ્રાતિભાસિક-સત્ય ગણતા નથી. આગળ જતા તે જગતને પણ સત્ય જ જાહેર કરવાનાં જ છે. આ પાર્શ્વભૂમિકા સાથે હવે બ્રહ્મ-ચેતના અણુ અને મહત્ બન્ને કેવી રીતે છે તે જોઈએ.

(ક્રમશઃ)

## અમારી અભીપ્સા

**ખેંચી જવાનાં પ્રભુ પાસે સૌને**

**યથા સમે - યથાકાળ - યથા ગતિ**

- શ્રી સુંદરમ્ (૧.૮.૮૨)

# શ્રી અરવિંદનું નૂતન-દર્શન

પ્રકરણ - ૨ ચાલુ

## પૂર્ણયોગના લક્ષણો- આરોહણ અને અવતરણ

- શ્રી જ્યોતિબેન થાનકી

પૂર્ણયોગમાં તો માનવ પ્રકૃતિને દિવ્યપ્રકૃતિમાં પલટાવવાની છે. એટલે કે મનુષ્યમાં પરમાત્માનું અવતરણ કરાવવાનું છે. આરોહણ એટલે સામાન્ય ભાષામાં કહીએ તો ઉપર તરફ જવું અને અવતરણ એટલે નીચે ઉતરવું. જીવનનાં દિવ્યરૂપાંતર માટે આરોહણ અને અવતરણ બંને જરૂરી છે. આરોહણ એટલે ચેતનાનું ઊર્ધ્વીકરણ થવું. ચેતનામાં ઊંચે જવું. સામાન્યરીતે સાધનામાં મનુષ્ય ભગવાનને મળવા માટે ઉંચે જાય છે. ત્યાં ભગવાનનો સાક્ષાત્કાર કરીને મુક્તિ પ્રાપ્ત કરે છે. યોગસાધનાની ઉંચે જવાની પ્રક્રિયા સ્વાભાવિક છે. પ્રભુને મેળવવા ઈચ્છનાર માટે એ પરિચિત પણ છે. યોગ સાધનામાં સમાધિ અવસ્થામાં માણસનું મન લય પામી જાય છે, અને તેને બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. બસ પછી એ બ્રહ્માનંદમાં લીન થઈ જાય છે.

શ્રી અરવિંદના યોગમાં પરમાત્મામાં લય પામી જવું, મુક્તિ પ્રાપ્ત કરી લેવી એટલું જ નથી. પણ પરમાત્માને પ્રાપ્ત કર્યા પછી, એમને જીવનમાં અને જગતમાં પાછા લઈ આવવાના છે. સાધકે આરોહણ કરીને પરમાત્માને અને તેની શક્તિઓનું અવતરણ કરાવવાનું છે અને પરમાત્માના એ દિવ્યપ્રકાશમાં પોતાની અજ્ઞાનમય પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે. અત્યાર સુધીની સાધનાઓમાં બધા જ ભગવાનને મળવા ઊંચે જતા હતા, પણ ભગવાનના પ્રકાશને કોઈ શારીરિક ભૂમિકા સુધી નીચે ઉતારી લાવ્યું નહોતું. એના પરિણામે શરીર જડ, પ્રભુના પ્રકાશથી વંચિત, અજ્ઞાન અને તમસથી ઘેરાયેલું, દુઃખો, રોગો અને જન્મ, જરાને મૃત્યુથી પીડિત રહ્યું છે. આટઆટલી યોગસાધનાઓ પૃથ્વી ઉપર થએલી હોવા છતાં શરીરને એની મર્યાદાઓમાંથી મુક્ત કરી શકાયું નથી. તો શરીરને તેના દુઃખોમાંથી કેવી રીતે મુક્ત કરવું ? એનો ઉપાય શરીરના કોષોમાં અતિમનસ શક્તિને ઉતારવામાં રહેલો છે. જો એ દિવ્યપ્રકાશ શરીરનાં કોષોમાં ઊતરે અને એ કોષોમાં ગુપ્ત રીતે છૂપાએલો દિવ્યપ્રકાશ જાગૃત થાય ત્યારે દેહનું

રૂપાંતર શક્ય બને.

## પૂર્ણયોગની બેવડી પ્રક્રિયાઃ-

શ્રી અરવિંદના યોગમાં એક સાથે જ બેવડી ક્રિયા કરવાની છે. માનવચેતનાનું ભગવાનની ચેતનામાં આરોહણ અને પછી ભગવાનની એ દિવ્યચેતનાનું માનવની ચેતનામાં અવતરણ. આ બંને ક્રિયાઓ સાથે જ કરવાની છે. જેમ જેમ સાધકને ઊર્ધ્વનો પ્રકાશ પ્રાપ્ત થતો જાય, તેમ તેમ એ પ્રકાશને વધુને વધુ નીચેની ભૂમિકામાં લઈ જવાનો છે. શિખર ઉપર ઝળહળતા દિવ્ય પ્રકાશથી અવચેતનાની અંધકારભરી ખીણ પ્રકાશિત બને ત્યારે રૂપાંતર સિદ્ધ થાય છે. પોતાના યોગની પ્રક્રિયાની સમજૂતિ આપતાં શ્રી અરવિંદે એક શિષ્યને પત્રમાં જણાવ્યું હતું, ''પૂર્ણયોગ વિશ્વમાં સામાન્ય મનોમય ચેતનાથી માંડીને છેક અતિમનસ દિવ્યચેતના સુધી ચૈતન્યની બધી સીડીઓ આવેલી છે, તે તમામને ચઢવા માગે છે અને પોતાનું આરોહણ સંપૂર્ણ બની રહે, ત્યારે પોતે સિદ્ધ કરેલી અતિમનસ ચેતના અને શક્તિને પોતાની સાથે લઈ આવીને આ સ્થૂલ જગતમાં ઓતપ્રોત કરવા માગે છે. આ રીતે ક્રમે ક્રમે અતિમનસ અને દિવ્યજગત રૂપે પલટી નાંખવા માંગે છે.

જ્યારે પરમાત્માની એ પૂર્ણશક્તિ માનવની નિમ્ન પ્રકૃતિના કરણોમાં ઊતરીને કાર્ય કરે છે, ત્યારે પછી એ શક્તિથી માનવનું સામાન્યમન પ્રકાશનું મન બની જાય છે. માનવની પ્રાણશક્તિ પ્રભુની સીધી સંકલ્પશક્તિ બની જાય છે. અને માનવશરીરના ગુણધર્મો બદલાઈ જાય છે. એ દિવ્યશક્તિનું દેહકોષોમાં અવતરણ થતાં દેહ દિવ્ય તેજોમય, હળવો, નમનીય, મુલાયમ બની જાય છે. અત્યારે દેહને જે ઘસારો લાગે છે, કોષોમાં ક્ષીણતા આવે છે, તેમનું વિઘટન થાય છે, તેવું ત્યારે નહીં થાય કેમકે તેમાં ભગવાનની પૂણશક્તિ જ કાર્ય કરતી હશે. અલબત્ત ત્યારે કોષોનું વિઘટન કરવાની સ્વૈચ્છિક પ્રક્રિયા હશે, પણ તેને મૃત્યુ ન કહી શકાય. આમ પરમાત્માની પૂર્ણશક્તિના, છેક શરીરની સ્થૂલ ચેતના સુધીના અવતરણમાં માનવજાતિની દુઃખમુક્તિનો ઉપાય રહેલો છે.

## જડતત્ત્વમાં અવતરણની પ્રક્રિયા :-

જડતત્ત્વ આપણને દેખાય છે જડ. પણ એ કંઈ તેનું મૂળ સ્વરૂપ નથી. તેનાં મૂળ સ્વરૂપમાં તો તે પ્રકાશિત છે, રણઝણતું છે, પ્રભુના પ્રકાશથી ઝળાંહળાં છે, એમ શ્રી માતાજી કહે છે. હવે આ જે વિકૃત થઈ ગયું છે, એ જડતત્ત્વને એના મૂળ

સ્વરૂપમાં પાછું લાવવામાં આવે તો ક્ષયના, વિનાશના, વિઘટનના બધા પ્રશ્નોને ઉકેલ આવી જાય. શ્રી અરવિંદે તેમના જીવનના છેલ્લા ચોવીસ વર્ષો સુધી એકાંતમાં રહીને જે પ્રચંડ સાધના કરી તે આ જડતત્ત્વને જ્યોતિર્મય બનાવવાની સાધના હતી.

**આ સાધનામાં મુશ્કેલીઓ :-**

જડતત્ત્વમાં અતિમનસ શક્તિનું અવતરણ કરાવવાનું કાર્ય ઘણું મુશ્કેલ છે. પ્રથમ તો એ શક્તિનું અવતરણ કરાવવાનું કાર્ય કરવાનું છે અને પછી એ શક્તિને સક્રિય કરી દેહના કોષોનું સમગ્ર બંધારણ બદલવાનું છે. અત્યાર સુધી આ પ્રક્રિયા કોઈએ પણ કરી ન હતી. આ વિષે શ્રી અરવિંદે જણાવ્યું હતું કે ''જ્યારે સાધના સ્થૂલ અન્નમય ભૂમિકા ઉપર ઊતરે છે, ત્યારે પરિસ્થિતિ ઘણી મુશ્કેલ બને છે. જ્યારે મારી સાધના મનોમય ભૂમિકા ઉપર ચાલતી હતી ત્યારે પ્રગતિ કેટલી બધી સહેલાઈથી થતી હતી. જાણે છોકરાંની રમત. પ્રાણમાં સાધના સહેલી ન હતી, તો પણ રસ પડે તેવી હતી. પરંતુ આ સ્થૂલ અન્નમય ભૂમિકા તદ્દન શુષ્ક છે, કઠણ છે, પ્રાચીન યોગીઓએ એના પર કાર્ય કર્યા વગર જ એને રહેવા દીધી છે. એના પર કોઈએ ધ્યાન આપ્યું લાગતું નથી. અલબત્ત કશો જ પ્રયત્ન થયો ન હતો. એવું નથી, પરંતુ સ્થૂલ પ્રાણ અને અન્નમય ભૂમિકા બંનેની ઉપેક્ષા કરવામાં આવી હતી. એના ઉપર વિજય મેળવવાનો પ્રયત્ન કરવો એટલે મહેનત મજુરીનું કામ. એ ટ્રેન્ચમાં ઊતરીને વગર અટક્યે યુદ્ધ કરવા જેવું છે. તમારે લડી લઈને જીતવું જોઈએ અથવા તો પછી ખલાસ થઈ જવું જોઈએ.''

શ્રી અરવિંદ માટે પણ આ અવતરણનો માર્ગ તદ્દન અજાણ્યો હતો. માર્ગમાં કેવી કેવી મુશ્કેલઓ રહેલી છે, તેની તેમને ખબર ન હતી. પરંતુ આ માર્ગમાં જે જે મુશ્કેલીઓ આવી તે તેમણે ઊઠાવી લીધી. મુશ્કેલીઓને પાર કરીને તેમણે જડતત્ત્વમાં અતિમનસ શક્તિના અવતરણને શક્ય બનાવ્યું. આ મુશ્કેલીઓ વિષે પણ તેમણે એક પત્રમાં જણાવ્યું હતું કે, મુશ્કેલી જડતત્ત્વના ઉપલા સ્તરોમાં જ્યોતિનું, સત્યનું અવતરણ કરાવવામાં નથી. પણ સહુથી ઘનઅચિત્‌માં સત્યને ઉતારી લાવવાની મુશ્કેલી છે. એ માટે સમસ્ત પાર્થિવ જીવનનો જે નિયમ અત્યારે પ્રવર્તી રહ્યો છે, તેને સમૂળગો ફેરવી નાંખવાની જરૂર છે. એ કાર્ય માટે પ્રથમ તો વાતાવરણ તૈયાર કરવું જોઈએ. જ્ઞાન કે શક્તિ પોતાનામાં હોવાનો પ્રશ્ન નથી. પણ એને અહીં ઉતારી લાવવાનો પ્રશ્ન છે.'' આમ છેક સ્થૂલ

ભૂમિકામાં એ શક્તિને સક્રિય કરવાનું કાર્ય ઘણું જ કપરું હતું.

**ઝડપી અવતરણ માટે શ્રી અરવિંદે આપેલો દેહનો આધાર :-**

અતિમનસ શક્તિ તો પરમાત્માની પૂર્ણ સ્વર્ણમયી શક્તિ છે. એ શક્તિ સીધે સીધી જડતત્વમાં ઉતરે તો જડતત્ત્વ એ શક્તિને સીધે સીધી પોતાનામાં પચાવી શકે તેવી ક્ષમતા ધરાવતું નથી. જેમ ગંગા સ્વર્ગમાંથી જો સીધે સીધી પૃથ્વી ઉપર આવે તો તેના પ્રચંડ વેગને પૃથ્વી સહી શકે તેમ નહોતી. પૃથ્વીની સપાટી તેના વેગથી છિન્ન ભિન્ન થઈ જાય તેમ હતી. આથી ગંગાના વેગને સહી શકે, મંદ કરી શકે તે માટે ભગવાન શંકરના સમર્થ આધારની જરૂર હતી. એવી જ રીતે અતિમનસ શક્તિને સ્થૂલ ભૂમિકામાં ઉતારવા માટે પણ સક્ષમ આધારની જરૂર હતી. એ આધાર આપ્યો શ્રી અરવિંદે. પોતે દેહમાંથી ખસી ગયા અને ત્યારે એ દેહમાં અતિમનસ શક્તિ પ્રચંડપણે ઊતરી આવી. પછી એ દેહ દ્વારા સમગ્ર ચેતનામાં એ વ્યાપ્ત બની. એક પત્રમાં તેમણે લખ્યું હતું કે ''જો એકવાર સ્થૂલમાં વિજય પ્રાપ્ત કરી શકાય તો મારા પછી જે લોકો આવશે, તેમના માટે કાર્ય સહેલું બનશે. સર્વમાં એકનો સાક્ષાત્કાર કરવાનો અર્થ જ આ છે.'' શ્રી અરવિંદે સ્થૂલમાં અતિમનસનું અવતરણ કરાવીને અનુગામી સાધકોને માટે રસ્તો તૈયાર કરી આપ્યો છે. એથી જ પૂર્ણયોગના સાધકોને માટે હવે દિવ્યચેતનામાં આરોહણ અને પછી એ ચેતનાનાં છેક સ્થૂલભૂમિકા સુધીના અવતરણની પ્રક્રિયા બની ગઈ છે.

## આંતરિક સૂર્ય

તમારે ફક્ત એક આંતરિક સૂર્યને શોધી કાઢવા તમારે ભીતર ઊતરવાનું છે. એ ઝળહળતો સૂર્ય તમારી અંદર પણ છે. એ સૂર્યના પ્રકાશને તમારી ઉપર પથરાઈ જવા દેવાનો છે. અને પછી એક સંવાદમય, તેજોમય તેમજ સૂર્ય પ્રકાશિત હાસ્યનો ધોધ વહી આવશે કે જે દુ:ખ તેમજ અંધકારને દૂર કરી દેશે.

# જગત એક સહિયારું સાહસ છે

## World is participatory

(ગતાંકથી ચાલુ)

- શ્રી અનિરુદ્ધભાઈ સ્માર્ત

હા, આપણે જીવ, જગત અને જગન્નાથના સાધર્મ્યમાં જીવવું છે. એની સાથેના સહિયારાપણામાં ચેતનાના એક અભૂતપૂર્વ વિકાસનું પૃથ્વીપર સાહસ ખેડવું છે. અત્યારના આપણા માનવ-મન પ્રેરિત કુંઠિત જીવનને સ્થાને પ્રભુની વિશ્વસર્જક વિશ્વવ્યાપક અતિમનસ ચેતના સાથેના ઐક્યમાં જીવનનો આનંદ માણવો છે.

પરંતુ શ્રી અરવિંદ અને શ્રી માએ અનેક વખત સમજાવ્યું છે કે માણસ કંઈ સીધેસીધો અતિમાનસિક (Supramental) બની જવાનો નથી. અને આખી માનવજાત પણ એકી સાથે એકે તબક્કે અતિમાનસિક દેહ ધારણ કરતી થઈ જવાની નથી. માનવ અને અતિમાનવ વચ્ચે પ્રથમ એક વૈશ્વિક પુરૂષ Universal man - નો અભ્યુદય થશે. એ વૈશ્વિક પુરુષ આધ્યાત્મિક ચેતનાથી ઓતપ્રોત અને અતિમાનસોન્મુખ એવો વિશ્વમાનવ હશે. He will be a Cosmic man with spiritually integrated Integral - Universal Consciousness.

શ્રી અરવિંદના આગમન પહેલાં વિપુલ શક્તિ સંપન્ન વિશ્વમાનવની સંકલ્પના થઈ નહોતી એવું નથી. પ્રાગઐતિહાસિક કાળથી એવાં વ્યક્તિત્વના જૂદી જૂદી કક્ષાનાં દેવ - દાનવ - માનવના અસ્તિત્વની કથાઓ પુરાણોમાં સુપ્રસિદ્ધ છે. એમાં મહર્ષિ વિશ્વામિત્રના ત્રિશંકુનો દાખલો તો આંખે ઊડીને વળગે એવો છે. અને જો આધુનિક યુગનો વિચાર કરીએ તો જર્મન ફીલોસોફર નિત્શેનો ''સુપરમેન'' ખૂબજ આકર્ષક બની રહે. ત્યાર પછી વિવિધ રીતનાં સુપરમેનના ખ્યાલને ઉજાગર કરતા ગ્રંથો અને ફીલ્મો પણ પ્રસિદ્ધ પામ્યા છે. પરંતુ પુરાણોની કથાઓમાં આવતાં પાત્રો સ્થળ-કાળની અત્યંત ભીન્નતા સાથે એટલે કે ચેતનાની અમુક કક્ષામાં સુબદ્ધ સ્વરૂપોવાળાં વર્ગીકૃત વ્યક્તિત્વોની અસામાન્ય વાતો હતી. તો નીત્શે અને તેના અનુગામીઓએ જે સુપરમેનની

ખુલ્લે મોઢે વાત કરેલી છે તે કેવળ પ્રાણની અતુલિત શક્તિ ધરાવતા અને પ્રમાણમાં તેને આનુષંગિક મન અને દેહ ધારી માનવ વ્યક્તિત્વની વાત છે. તેમાં માનવમાં નિવસિત આધ્યાત્મિક ચેતનાનો ક્યાંયે કોઈપણ રીતનો સંકેત કે સંબંધ દેખાતો નથી.એમ તો આજના વૈજ્ઞાનિકો પણ એક જૂદી ભૂમિકાએ યાંત્રિક મહામાનવ રચવાના કાર્યમાં, હારબંધ પ્રયોગો યોજી રહ્યાં છે અને તે સાયન્સ ઓફ "Robotry" ને એટલે કે યાંત્રિક માનવના રચનાકાર્યના વિજ્ઞાનને હવે કૃત્રિમ બુદ્ધિ અને કૃત્રિમ લાગણીના કંપનની વિજ્ઞાનની મદદથી ઉત્તરોત્તર વધુને વધુ ચઢિયાતી પ્રતિકૃતિઓ સર્જવાની તત્પરતા સેવી રહ્યાં છે. આમ માનવને મદદગાર થવાના બહાના હેઠળ તૈયાર થતા યંત્ર માનવો માત્ર ઘર, વેપાર, અને ઈન્ડસ્ટ્રિઝમાં જ નહીં પણ લશ્કરી સેવાની સહાયમાં પણ મદદગાર થવાની યોજનાના એક અગત્યના ભાગ રૂપે મેન્યુફેકચર કરાઈ રહ્યાં છે.

આવી કૃત્રિમ અને મેલી યંત્ર માનવની સૃષ્ટિ ઊભી કરવાથી કદાચ અજબ-ગજબના કાર્યો કરાવી શકાશે. પરંતુ તે ક્યારેય માનવની પંકિતમાં બેસી શકશે નહીં. ઉલટું ખુદ માનવને અને માનવજીવનને તે માનવતા વિહિન એક યંત્ર રાક્ષસના રૂપમાં ફેરવી દેશે એવો ભય સેવાઈ રહ્યો છે.

પરંતુ બાયોલોજી - જૈવિક વિજ્ઞાન તો કુદકે ને ભૂસકે આગળ વધતું જાય છે. બાયોએન્જીનિયરીંગથી માનવમાંથી માનવ તુલ્ય બીજી પ્રતિકૃતી પેદા કરવાની સિદ્ધિ તરફ તે આગળ વધી રહ્યું છે. Plants and animals, વનસ્પતિ અને પશુઓ (ઘેંટા-બકરા) પર પ્રયોગો કરી તેમની નવી આવૃત્તિ બહાર પડી ચૂકી છે અને હવે જનીન શાસ્ત્ર માનવની આ પ્રકારની નૂતન આવૃત્તિ પ્રગટ કરવાના પ્રયોગોમાં લગભગ સફળતાના દ્વાર પર ટકોરા મારી રહ્યાં છે.

આ પ્રકારની માનવજાતિની ઉત્પત્તિથી તેમની પ્રકૃતિમાં કઈ રીતના કેવા ફેરફારો દાખલ કરશે તેની કોઈ પાસે કોઈ ખાતરી નથી. આ પ્રકારની વિજ્ઞાનનીઆગેકુચમાં માનવ ચેતનાના વિકાસનું નહીં પણ કદાચ માનવ ચેતનાની વિકૃતી અને વિનાશનું બીજ રોપવાનું પાગલપણું પ્રગટ પણે પુરવાર થાય તો બીલકુલ અચંબો પામવા જેવું નથી. માનવને સમકક્ષ આ વિજ્ઞાનના ફળ સ્વરૂપ ક્લોન માનવના અહંકારનું પોત અને ગુણધર્મ કેવાં હશે તે કોણ જાણે ? તે ક્યા પ્રકારના વલણો ગ્રહણ કરશે તે નક્કી કરવાનું કોઈના હાથમાં નહીં હોય. ઉત્ક્રાંતિને બદલે અવક્રાંન્તિનો અધઃપાત પણ તે નોતરી શકે. મનુષ્યને અજ્ઞાત એવા ઘણા નિયમોથી સૃષ્ટિનું અને સૃષ્ટિપરના જીવોનું જીવન ઘડતર થયું છે.

અજ્ઞાતને ખોટી રીતે છંછેડાય નહીં. અને પછી તો કદાચ બહુ મોડું થઈ ગયું હશે.

ઘણા સત્વશીલ અને મનનશીલ વૈજ્ઞાનિકોએ આ દિશામાં આગળ નહીં વધવા શરીર વૈજ્ઞાનિકોને ચેતવણી ઉચ્ચારી છે. વૈજ્ઞાનિકોમાં અને આમ જનતમાં અત્યંત વિખ્યાત નેશનલ જ્યોગ્રોફિક મેગેઝીનના વિજ્ઞાન મંડળે ઈ.સ.૨૦૦૦ના થર્ડ મિલેનિયમના વર્ષના વિશેષ અંકમાં તો એક રીતે આ પ્રકારના પ્રયોગો ઉપર લાલબતી ધરી જ છે. તે લેખમાં જણાવાયું હતું.

"Will scientific progress continue or will science reach some limit like the pillars of Hercules, the classic medical symbol for what lies at the edge of the known."

પ્રયોગાત્મક વૈજ્ઞાનિક વિકાસ આમ જ આગળ વધતો રહેશે કે પછી વિજ્ઞાન પેલી હર્ક્યુલીસના પાષાણના સ્તંભોની કમાન પર કોતરેલા ''આદેશ''નું પાલન કરશે. સ્તંભોનું પ્રતીક 'જ્ઞાન' વિષયની શોધની છેવટની હદનું સીમાંકન દર્શાવતી હતી. (તેની પાર અજ્ઞાતનો પ્રદેશ હોવાનું સૂચવાતું હતું)

On these gates according to the legend was written :" Ne plus ultra - No further."

આ કમાનના મોભ પર શિલાલેખ હતો :

'ની પ્લસ અલ્ટ્રા – આનાથી આગળ નહીં'

અને પછી પોતાનો મત દર્શાવતાં જણાવે છે કે :

"The pillars of Hercules for modern science may become moral and spiritual. The scientists and the society will have to decide how much to change the genetic structures of plants and animals and whether to tinker" with the genes that make us human.

''હર્ક્યુલીસના દરવાજાના પ્રતીક જેવાં જ સીમાદર્શક પ્રતીક-સ્તંભો, આધુનિક વિજ્ઞાનને માટે, નૈતિકતા અને આધ્યાત્મિકતા બની શકે તેમ છે. વૈજ્ઞાનિકો અને માનવ સમાજ માટે એ વિષે નિર્ણય લેવાની ઘડી આવી ગઈ છે કે વનસ્પતિ અને પશુના જીવાણુની રચનાને (ટેકનીકલી) કેટલી બદલવી અને આપણને જે માનવ બનાવે છે તે માનવ જીનોમ્સની સાથે પણ કેટલી હદ સુધીની છેડછાડ કરવી.

અખંડ સમાજ જીવનથી બેદરકાર પણે વિજ્ઞાન પણ બેજવાબદાર કે બેલગામ નહીં બની શકે. એમ થતાં ભસ્માસુરની જેમ તે પોતાના નાચથી પોતાનો જ વિનાશ નોતરશે અને માનવજાતનું નિકંદન કાઢી નાખશે. ઈતિઅલમ્. બસ. આ વિષયપર આથી વિશેષ નહીં.

આધુનિક પ્રયોગાત્મક ભૌતિક વિજ્ઞાન પહેલાં વિજ્ઞાન સહસ્ત્રાબ્દિઓથી આપણી પાસે યોગાત્મક આત્મ વિજ્ઞાન એક સિદ્ધ રૂપે ખડું છે. તેમાંયે જ્યારે પૂર્ણયોગની વાત કરીએ છીએ ત્યારે ભૂતકાળમાં રચાયેલી યોગ પરંપરાની જ વાત કરતા નથી હોતા. પરંતુ જે સર્વોચ્ચ પ્રભુ સર્વદા સનાતન છે તે માનવના વર્તમાન જીવનના પૂરા પરિપ્રેક્ષ્યમાં જે પરમ્ મૌલિક છટાથી શ્રી અરવિંદ અને શ્રી અરવિંદ અને શ્રી માનું પોંડિચેરીમાં આગમન અને મિલન યોજે છે અને તેના પરિપાકરૂપે તેમના દ્વારા જગતને જે અતિમાનસિક ચેતનાના અવતરણનો અલભ્ય પ્રસાદ પ્રાપ્ત કરાવે છે તે કેવળ અદ્ભૂત નહીં પરંતુ ખુદ પરમોચ્ચ પ્રભુનું પૃથ્વીની ચેતનાને અનન્ય વરદાન છે.

અહીં કોઈ કૃત્રિમતા, કરામત કે બનાવટ નથી. જેમ પ્રભુની ચેતના વિકસિત થતી થતી માનવરૂપે માનવમાં પ્રગટ થઈ નિવસીત છે તે જ હવે માનવદેહમાં રહીને માનવ ચેતનાને, મનસ્ તત્ત્વથી પર એવી માનવોત્તર અતિમાનસિક ચેતનામાં ઉત્ક્રાંન્ત કરવા સક્રિય બની છે.

આ જગત વ્યર્થ કે અર્થહીન નથી. આ પૃથ્વી પ્રભુની ચેતનાની પ્રભુતાને પૃથ્વી પર પ્રગટાવવા માટે સરજાઈ છે ઋગ્વેદમાં જે સત્ય ઉચચારાય છે કે : માતા ભૂમિ : પુત્રો અહં પૃથિવ્યા : * તે સત્યના આપણે જો સાચે જ ધારક હોઈએ તો ચૈતસિક ઉત્ક્રાન્તિ વિના માણસને બીજો કોઈ આરો ઓવારો નથી, એ સત્ય માનવના મન-હ્રદયમાં સાહજીક પણે સ્ફૂરી ઊઠે એવું છે.

શંકા ખાતર શંકા અને પોતાની પોતાનામાં જ અશ્રદ્ધા એ આત્માના ગુણધર્મ નથી. 'આત્મત્વ'નો આત્મિક જાગતિક વિકાસ એ આજનો યુગ ધર્મ છે. અને આપણે જો પૃથ્વી પર બારીકાઈથી સર્વત્ર નિહાળીશું તો માનવ જાતિની ચેતનાના આંતર પ્રવાહો અને માનવનું અંતઃકરણ કોઈક આંતરિક પરિવર્તનની ખોજ માટે તૈયાર બનતું અનુભવાશે. અધ્યાત્મના કાંઈ ટોળાં નહીં હોય. એ તો

---

* શ્રી વિનોબાજીના જનમાન્યા ગુજરાતી પાક્ષિક 'ભૂમિપુત્ર' નાં ટાઈટલ પેજ ઉપર ઉપરોક્ત સૂક્તિ 'પ્રેરણા-સૂત્ર' તરીકે અપાય છે.

એક માણસની લઘુમતિથી પણ આગળ વધી શકે છે.

પરંતુ શ્રી અરવિંદે, મરણ પછીના મોક્ષમાં પરિણમતા વ્યક્તિગત આધ્યાત્મિક વિકાસની મર્યાદા જાત અનુભવે જીવતાં જ લીધી હતી. અને તેથી જ તેઓએ માનવજાતિના જાગતિક વિકાસની સિદ્ધિ તરફ મીટ માંડી, જગતનું સર્જન કરનારી જે અતિમાનસિક શક્તિ છે તેનો સાક્ષાત્કાર કરી, તેના અવતરણનો આત્મસિદ્ધ-પૂર્ણયોગનો રાજમાર્ગ, આપણે માટે કંડારી આપ્યો છે.

સમસ્ત જગતમાં એક નવો પ્રાણ ફૂંકાઈ રહ્યો છે. ગ્લોબલ વિલેજની સંકલ્પના માણસ સ્થાપી રહ્યો છે. ગ્લોબલ વોર્મિંગ અને પૃથ્વીના પલટાતા અને મલિન થતા પર્યાવરણના પ્રશ્નોથી હવે તે સચિંત બન્યો છે. માનવને હવે પ્રગતિને નામે થાબડ થીંગડા નથી ખપતા. તેના જાગૃત થયેલા સચેતસ મનને પોતાને જ એક ચેતનાના મૂળભૂત પૂર્ણ રૂપાંતરની (Total Radical Transformation of Consciousness ની) તરસ જન્મી છે. અને સાવિત્રી મહાકાવ્યની એક ઋચા સંભળાય છે.

"Truth made the world - not a blind nature force" "it shall descend and make earth's life Divine" ''સત્યએ સૃષ્ટિ સર્જી છે, અંધ પ્રાકૃતિક બળોએ નહિ; તે સત્ય અવતરશે અને પૃથ્વીના જીવનને દિવ્ય બનાવી દેશે.

એટલે જગતમાં ભલે બધેથી મહાવિનાશકારી વાવાઝોડા ફૂંકાતા હોય અને ભયાનક આગાહીઓ થતી હોય તોયે આ દુર્દાન્ત ભાવિને રોકવા માટે માનવ પાસે એક જ સાધન બચ્યું છે. અને તે બધી વિરોધી શક્તિઓ કરતાં પણ અનંત વિજયી મહાશક્તિ છે. અને તે બધા અવરોધોને ડારીને માનવને પૂર્ણ વિજયના શિખર પર આરૂઢ કરવા તત્પર છે. તે માટે માનવે પોતે, સાચે સાચ પોતાની પ્રકૃતિમાં એક સર્વોપરિ ચૈતસિક પરિવર્તનની યોગ-પ્રક્રિયાને અપનાવ્યા વગર છૂટકો નથી.

મારે ખૂબ વિનમ્રતાથી કહેવું છે કે પૂર્ણયોગ એ એક એવો યોગ છે કે જે મનુષ્યની આંતર-બાહ્ય, સ્થૂલ અને સૂક્ષ્મ સમગ્ર પ્રકૃતિને પોતાની બાથમાં લઈ તેના આમૂળ પરિવર્તનને પ્રચંડ વેગ બક્ષી શકે તેમ છે. આ કોઈ બડાશ નથી કે આત્મશ્લાધાનું ડીમ ડીમ નથી. "All Life is Yoga" સમગ્ર જીવનએ યોગ છે એ

(અનુ. પાના ૨૮ ઉપર)

# આગામી ભાવિ

# આપણી રાષ્ટ્રીય અસ્મિતા

(શ્રી અરવિંદ સોસાયટીનાં Shriaurovindosociety.org.in ના ઓગષ્ટ ૦૮ના Next Future ના આધારે સાભાર)

આપણને ઘણી વખત એવું જરૂર અનુભવાય છે કે પ્રશંસા ફક્ત વ્યવહાર જાળવવા માટે જ કરવાથી તે પોતાનો જ નાશ કરે છે અને તેથી મળતો સાચો ફાયદો નકામો જાય છે. વિવેકાનંદે તે માટે કહેલું કે પ્રશંસા માટે સારા બનો નહિં, સારા બનવા માટે સારા બનો. બીજાની અપેક્ષા સંતોષવા પ્રશંસા કરવી અથવા તે આપણું મહત્વ સામેની વ્યક્તિમાં વધારે આંકે છે, આ માટે કાંઈ પ્રશંસા હોતી નથી. તેથી બીજામાં અને આપણા પોતામાં પણ એવો પ્રયત્ન કરાતો દેખાય છે કે જે કુદરતી બક્ષીસ આપણને સહજ રીતે મળેલી છે તે સખત પરિશ્રમના પરિણામરૂપે મળેલી છે એવો દેખાડો કરવાની ઈચ્છા થયા કરે છે. પણ આમ કરવાથી તે સદ્‌ગુણમાંનું નૈસર્ગિક સૌંદર્ય, સહજતા અને તેની કિંમત ઘટી જાય છે.

આ વસ્તુ વ્યક્તિની જેમ રાષ્ટ્રને પણ લાગુ પડે છે. ભારતને અનેક વિવિધતા છતાં એક પ્રાચીન સંસ્કૃતિ અને પરંપરા ધરાવતાં દેશનું પ્રતીત તરીકે ખપાવીને ભારતમાં અને પરદેશમાં જોરશોરથી પ્રચાર થાય છે. મુલાકાતીઓની ડાયરીમાં આગ્રહથી પ્રાચીન -સભ્યતા તરીકેનો ખાસ ઉલ્લેખ કરાવાય છે અને તેનો ઢોલ પીટાય છે. પણ એના બદલે સહજ રીતે આપણી પ્રાચીન સભ્યતાનાં મુલ્યો જીવ્યા હોત તો તેની જાહેરાત કરવાની અને ખર્ચાળ જાહેરાતી પાટીયા લગાડવાની જરૂર જ ન રહેત સાચી પ્રશંસા કરવા માટે તો જે પોતામાં હોય તે જ બીજામાં ઓળખી શકાય છે.

માટે ભારતે નૈસર્ગિક જીવન જ જીવવું જોઈએ. જગત પોતે જ અનુભવથી તેની પ્રશંસા કરશે. સાચી નમ્રતામાં તો તે નૈસર્ગિક ગુણો છે, તેનું પણ ભાન હોતું નથી. આવા લોકો પ્રશંસા થાય તો સ્મિત કરે છે અને તે પ્રશંસા તેનામાં જે પ્રભુએ તે ગુણ ખીલવવા મદદ કરી છે તેના ચરણે ધરી દે છે.

શ્રી અરવિંદના જન્મદિને અને ભારતના સ્વાતંત્ર્ય-દિને આપણે વ્યક્તિ અને

(અનુ. પાના ન.૪૮ ઉપર)

# સાવિત્રી-સાર

## પ્રકરણ - ૭૧ - આત્મદૃષ્ટિનાં પરિણામો

આત્મદૃષ્ટિનાં પરિણામો (B-1. C-3 P 27)

- માન

અશ્વપતીની ખીલતી આત્મદૃષ્ટિનાં હજી વધારે પરિણામો આવી રહ્યાં છે. તેની વિગતો શ્રી અરવિંદ આપી રહ્યાં છે. અશ્વપતીના મનમાં જાગતા દિવ્ય-સંકલ્પોને તે હજી પ્રગટ કરે અને તેમને વ્યવહારમાં કેમ મુકવા તેનું આયોજન કરે તે પહેલાં જ તેમની કોઈ અંગત વ્યક્તિ તે જ વિચારો પોતાના મનમાં સ્ફૂર્યા અને આપણે આને વ્યવહારમાં મુકવા આ રીતે કોઈ આયોજન કરીએ તો કેવું એ બાબત સલાહ લેવાં આવે છે. અશ્વપતીને પોતાનાં જ દિવ્ય-વિચારો અન્યોમાં પ્રતિધ્વનિત થતાં લાગે છે.

આવી ઘટનાઓ અકસ્માત હોતી નથી. પણ તેવી ઘટના થવાના બે કારણો હોય છે.

(૧) પ્રભુ જ્યારે કોઈ કાર્યનો આરંભ કરે છે ત્યારે તે કાર્યના વિવિધ અંગોને વ્યવહારમાં લાવવાની ક્ષમતા ધરાવતી વિવિધ વ્યક્તિઓનું પણ આયોજન કરતી હોય છે. આવી વ્યક્તિઓનાં સમુહને ગૂઢશાસ્ત્રોમાં "Band of souls" કહે છે. જ્યારે આપણા શાસ્ત્રોમાં તેમને પ્રભુનાં સહચરો તરીકે વર્ણવેલા હોય છે.

(૨) કોઈ વ્યક્તિનાં અંતઃકરણમાં કોઈ સંકલ્પ સ્ફૂરે અને તેના ચિત્તમાં સતત રમતો રહેતો હોય તો તેના આંદોલનોને આસપાસની વ્યક્તિઓ સ્વિકારી જ લે છે અને તેમાં સ્વૈચ્છિક રીતે સહભાગી થાય છે. આંતરસ્ફૂરણાઓ બે પ્રકારે રચાતી હોય છે. એક તો તે ઉર્ધ્વકક્ષાએથી વ્યક્તિના લગતનાં નિમ્નક્ષેત્રમાં પ્રેરણાઓ તરીકે ઉતરી આવતી હોય છે. જે નિમ્ન-કક્ષાએ દિવ્ય વિચાર અને દિવ્યભાવ તરીકે અનુભવાય છે. બીજું એક વ્યક્તિમાંના એક કક્ષાની પ્રેરણાઓ તે જ કક્ષામાં બીજી વ્યક્તિ જો ગ્રહણશીલ હોય તો તેમાં દાખલ થાય છે અને બીજી વ્યક્તિને તે પોતાની આંતર પ્રેરણાઓ તરીકે અનુભવાય છે.

આ રીતે આંતરપ્રેરણાઓ "vertical and horizontal" પ્રવાસ કરીને ફેલાતી દેખાય છે.

અશ્વપતીને આ આન્તરપ્રેરણાની સમગ્ર પ્રક્રિયાની સમજણ આવવા લાગી.

આથી ઉલટી પણ પ્રક્રિયા અશ્વપતી અનુભવી રહ્યો છે. જગતમાં વિશ્વપ્રકૃતિમાં ઘૂમતા વિશ્વ-વિચારો અશ્વપતી પોતે ઝડપી લેતો પણ અનુભવે છે અને તેને એમ લાગવા માંડે છે કે કોઈ ગૂઢતત્ત્વ વડે તેનું અંતકરણ અન્યોના અંતકરણ સાથે જોડાએલું છે.

ખરેખર તો આત્મદૃષ્ટિને કારણે અંતકરણો પાસે આવીને જોડાઈ જતાં હોય છે. આ આપસી ગૂઢ સંબંધોને કારણે અશ્વપતીને એમ લાગે છે કે તે બધા તેના સ્વજનો છે. તેમની વચ્ચે પ્રભુ પ્રેમનું એક સમાન બંધન રચાઈ રહ્યું છે.

પણ આનો અર્થ એ નથી કે અશ્વપતી સદા આવા આંદોલનોથી સતત આંદોલીત થયા કરે છે અને તેથી તે સ્થિરતા ગુમાવી બેઠો છે. એવું જ હોત તો સંસારાસક્ત ચંચળ વ્યક્તિઓ અને અશ્વપતીમાં કોઈ તફાવત જ રહેત નહિ. પણ અશ્વપતી તો ધારે તો પોતે આ બધા જ આંદોલનોથી ઉપર ઉઠીને શાંત, સ્થિર, પોતામાં જ લીન અને એકાગ્ર પણ બની શકે છે. આ ઘટના બે રીતે બનતી હોય છે.

(૧) બધીજ વ્યક્તિઓ વિવિધ પ્રકારના નેટવર્કથી, નાડીજાળથી જોડાએલાં જ હોય છે. આપણા યોગ ચક્રો એ ખરેખર આવા નાડીજાળનાં જોડાણ-કેન્દ્રો જ હોય છે. આવા કુલ બાર જોડાણ કેન્દ્રો છે ગૂઢશાસ્ત્રમાં આથી વધારે પંદર પણ ગણાવ્યાં છે. તેનું કારણ સહુથી ઉપરના પ્રથમ ત્રણ જોડાણ-કેન્દ્રો સહૂથી નીચેના અચેતનના કેન્દ્ર નીચે પણ હોય છે. તેથી ખરેખર બાર જ જોડાણ કેન્દ્રોનાં પ્રકાર હોવા છતાં ત્રણ બે વાર જોડાવાથી નીચે અને ઉપર જોડાતા હોવાથી - ત્રણનો વધારો થઈ કુલ સંખ્યા પંદર થઈ જાય છે.

વ્યક્તિની ચેતના સંકલ્પબળે એક જોડાણ કેન્દ્રમાંથી લિફટની જેમ, બીજા જોડાણ કેન્દ્રમાં જઈ શકે છે. તેથી જ્યારે પણ અશ્વપતીને પોતે આંતરિક રીતે એકાગ્ર થવાની ઈચ્છા થતી ત્યારે તે પોતાની ચેતનાને સંકલ્પ બળે ઉર્ધ્વ જોડાણ કેન્દ્રોમાં આરોહિત કરતો. ઉર્ધ્વ કક્ષાનાં નેટવર્ક - નાડીજાળ ફક્ત દિવ્ય વિચારોથી જ કંપીત થતાં હોવાથી ત્યાં વધારે એકાગ્રતા સ્વલીનતા, સધાય છે.

(૨) ક્ષરપુરૂષની ચેતનામાં વ્યક્તિ હોય છે. ત્યાં સુધી તે નેટવર્કનાં બધાજ

આંદોલનોથી આંદોલીત થતી હોય છે અને જેમ જેમ ક્ષરપુરૂષ ઉત્ક્રાંત પામે છે, તેમ તેમ તે ફક્ત દિવ્ય આંદોલનોથી જ આંદોલીત થતા શીખે છે. પણ જ્યારે તે વ્યક્તિ પોતાની ચેતનાને અક્ષરપુરૂષમાં સ્થિર કરે છે ત્યારે તે કોઈ જ આંદોલનથી આંદોલીત થતો નથી અને સ્વલીન અવસ્થામાં રહી શકે છે. અક્ષરપુરૂષમાં તે સદા આંદોલનોથી મુક્ત જ રહી શકે છે, કારણ તેમાં કતૃત્વભાવ હોતો નથી. ફક્ત દૃષ્ટાભાવ જ હોય છે. તેથી આંદોલનોમાં કોઈ ફેરફાર તે કરી શકતો નથી. પણ અક્ષરપુરૂષની ઉપર જે ઉત્તમપુરૂષ છે તેમાં એક વિશેષ ક્ષમતા એ હોય છે કે તે સંકલ્પ બળે ક્ષર કે અક્ષર પુરૂષમાં ઉતરી આવે છે અને પોતાનું કાર્ય કરીને ફરી ઉત્તમપુરૂષની ચેતનામાં સ્થિર રહી શકે છે. ખરેખર તો તે ક્ષર કે અક્ષર પુરૂષને પોતાના સાધન તરીકે વાપરવા સક્ષમ હોય છે. તે જ તેની વિશેષતા છે. અશ્વપતીને હજી આ ઉત્તમપુરૂષમાં રહેવાની ટેવ નહોતી પણ ક્ષર પુરૂષમાં જ તે ઉર્ધ્વ કક્ષાનાં યોગ-ચક્રોમાં આરોહણ કરીને સ્વલીન અવસ્થા પ્રાપ્ત કરી શકતો હતો. આ રીતે યોગ ચક્રોમાંના ઉર્ધ્વારોહણ દ્વારા પણ તે પોતાને આંદોલનોથી મુક્ત કરી શકતો હતો.

ખરેખર તો ઉર્ધ્વમાંના નાડીજાળમાં પ્રવેશવું અને ઉર્ધ્વ યોગચક્રોમાં આરોહણ કરવું આ બન્ને અલગ ઘટના ન હોઈને એક જ ઘટનાના બે પાસા સ્વરૂપ છે.

આ રીતે નાડી જાળ સાથે અદભૂત રીતે પોતાને ગોઠવી લેવાની ક્ષમતા અશ્વપતીમાં હતી. દરેક નાડી જાળમાં સતત ઘૂમતા આંદોલનો એક મધુર સંગીત જેવા ભાસતા તેને ગૂઢ શાસ્ત્રોમાં "Celestial Songs" તરીકે પાયથાગોરસે વર્ણવેલા છે. શ્રી અરવિંદ પણ તેમને "etherial Symphonies" તરીકે વર્ણવે છે. આકાશીય સમૂહ-સંગીત તરીકે જણાવે છે. અને નેટવર્કને નાડીજાળને શ્રી અરવિંદ અહિં "The old earthly Strings" તરીકે વર્ણવે છે. આ સમગ્ર પ્રક્રિયા વર્ણવતાં તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

He heard the inspired sound of his own thoughts
Re-echoed in the vault of other minds;
The worlds thought - streams travelled into his ken;
His inner self grew near to Others' selves
And bore a kinships weight, a common tie,
Yet stood untouched, king of itself, alone.

A magical accord quickened and attuned

To ethereal symphonies the old earthy strings;

આવી રીતે અશ્વપતીનાં મન, પ્રાણ અને શરીર વૈશ્વિક મન, પ્રાણ અને પાર્થિવતત્વ સાથે સંબંધમાં આવી પોતાની સંકુચિતતા, બંધીયારપણું છોડવા માંડયા અને વૈશ્વિક સ્વરૂપ ધારણ કરવા માંડયા.

આને કારણે સામાન્ય માનવમાં જેમ હોય છે તેમ મન અને પ્રાણ શારીરિક તત્વની ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપી તેની કોઈ સ્વતંત્ર હસ્તી જ રહેવા દેતા નથી. અને તેને ફક્ત પોતાનું એક સાધન તરીકે જ જીવવા અને અનુભવવા ભાગ પાડે છે. પણ ઉપર મુજબની વૈશ્વિકરણની પ્રક્રિયાથી આ ગુલામગીરીની જંજીર નબળી પડીને શારીરિકતત્વને પોતાની સ્વાયત્તતા, પોતાની સ્વતંત્રતા પાછી મળી. તે મન અને પ્રાણની ગુલામીમાંથી મુક્ત થયું અને તેણે હવે ચૈત્યપુરૂષ સાથે પોતાનો સીધેસીધો સંબંધ સ્થાપવાની શરૂઆત કરી. તે ચૈત્યપુરૂષનાં પ્રતિભાવોને પોતેજ સીધેસીધું ઝીલવા માંડયું અને ચૈતસિક જીવનમાં પોતે ભાગીદાર બન્યું. આ સ્થિતિ શારીરિક તત્વને ખૂબજ આનંદદાયક અને અનુકુળ નિવડી. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

It raised the servitors of mind and life

To be happy partners in the soul's response.

હવે શારીરિક તત્વને પણ મન, પ્રાણની જેમ સમાન દરજ્જો પ્રાપ્ત થયો. શારીરિક તત્વ આ રીતે ચૈત્યપુરૂષના પ્રતિભાવો ઝીલતું થવાથી તેના અંગભૂત ચેતાતંત્ર અને મજ્જા તંતુઓ પણ તેમાં સહભાગી થવા લાગ્યાં. તેઓ પણ ચૈત્યપુરૂષના દિવ્યભાવો અનુસાર પોતે પણ કંપિત અને સ્પંદન પામવા લાગ્યાં. તેના ભાવોને પ્રગટ કરવા ને અનુરૂપ માધ્યમો તરીકે વિકાસ પામવા લાગ્યાં. તેમની બાબતમાં સંવેદનશીલ બનીને તેને યોગ્ય રીતે પ્રગટ કરવાની કળા શિખવા લાગ્યાં. શ્રી અરવિંદ જણાવે છે કે

Tissue and nerve were turned to sensitive chords.

આ રીતે હવે ચૈત્યપુરૂષના નિયંત્રણ નીચે સમગ્ર અપરાપ્રકૃતિ આવી ગઈ અપરા પ્રકૃતિમાં મન, પ્રાણ અને શરીરનો સમાવેશ થાય છે. આ ત્રણેને હવે ચૈત્યપુરૂષ પોતાની ઈચ્છા મુજબ વાપરવા સક્ષમ બન્યો.

ચૈત્યપુરૂષનો જ્યારે પ્રભુને સમર્પિત ભાવ ઉદ્દિપીત થાય છે, જાગૃત થાય છે

ત્યારે ચૈત્યપુરૂષમાંથી પ્રકાશનાં કિરણો ઉત્સર્જીત થવા લાગે છે. તે વધારે પ્રકાશમય અને તેજસ્વી બની જાય છે. તેનો વિસ્તાર પણ થાય છે. એક luminous Expansion તે અનુભવે છે. કારણ તેની દિવ્યપ્રકૃતિ ઉપરાંત અપરા પ્રકૃતિનો ઉપર જણાવ્યા મુજબનો સંવેદનશીલ ભાગ પણ તે તેજને ધારણ કરીને પ્રકાશમય બની જાય છે. તેથી જ એક પ્રકાશમય વિસ્તરણ ચૈત્યપુરૂષનું થતું હોય એવો નજારો સર્જાય છે. આ પ્રકાશમય વધારા સાથે જ ચૈત્યપુરૂષ પોતે ભક્તિભાવનાં પૂર અનુભવે છે. એક દિવ્યાનંદની લહેર તેના સમગ્ર સ્વરૂપમાં ભરતી લાવતી અનુભવાય છે. સાધારણરીતે આવી રીતે પ્રકાશ અને દિવ્યાનંદની ભરતી સાથે જ તેના સ્વરૂપમાં અનુભવાતી હોય છે. આવી ઘટનાઓ વારંવાર બનવા માંડે છે અને તેને પરિણામે મન, પ્રાણ શરીર પણ એને અનુરૂપ પોતાનો વિકાસ સાધીને પોતાના રૂપાંતરનું કાર્ય કરવા માંડે છે. તેને કારણ તેઓ ચૈત્યપુરૂષના વધારેને વધારે સારા અને શુદ્ધ કરણ અથવા સાધન બનતા જાય છે અને ચૈત્યપુરૂષના દિવ્યભાવો અને અનુભવોમાં સહભાગી થતા જાય છે. જાણે તે ચૈત્યપુરૂષના સહાયક ન હોય ! acolytes એટલે સહાયક. તેથી શ્રી અરવિંદ જણાવે છે કે

Records of lustre and ecstasy; it made
The body's means the spirit's acolytes.

આ રીતે સાધકના મન, પ્રાણ અને શરીરને ચૈત્યપુરૂષના પ્રભાવ નીચે લાવી તેમનું રૂપાંતર સાધવામાં આવે છે.

આત્મદ્રષ્ટિ એ આપણા તત્વોનાં રૂપાંતરની ચાવીરૂપ ઘટના છે.

---

## એક અનુભૂતિ

**ધસી આ આવંતા તવ પરમ સ્પર્શો ગગનથી**
**રચી જાઓ કાંઈ અવણ નવલી સૃષ્ટિ હ્યાં**

- શ્રી સુંદરમ્
૨૦.૩.૮૨

# સહજ-સત્સંગ

(માતાજીનાં તા.૩૧-૭-૫૭ના વાર્તાલાપ ઉપર આધારિત)

**“જો માણસ ભૌતિક અસ્તિત્વપણ દિવ્યજીવનમાં ભાગિદાર બને એવી અપેક્ષા રાખતો હોય તો.... તો ઘસારાથી શરીર ક્ષીણ, શાંત બની જાય અને યોગમાં વિક્ષેપ ન કરી શકે ત્યાં સુધી રાહ જોવાની જરૂર નથી. અભીપ્સામાં ખૂબ વેગ અને ઉત્કટતા હોય ત્યારે યોગ શરૂ કરવો એ વધારે સારું છે....**

**જો શરીર વિકૃત ન બને તેવી દરકાર માણસ રાખે તો શરીરમાં પોતાનાં જ વિજયની ખાતરી હોય છે. વિચારોનો ખોટો ઉપયોગ અને તેની શરીર પર પડતી અવળી અસર જ શરીરમાંના વિજયની ખાતરીને દૂર કરી દે છે.”**

- શ્રી માતાજી

‘‘માતાજી, ભગવાન માટે શરીરમાં અભીપ્સા કેવી રીતે નિર્માણ કરવી ?’’

‘‘બેટા, તેની તો અનેક રીતો છે. દરેકે પોતાની પ્રકૃતિ મુજબની રીત પોતે જ શોધી લેવાની રહે છે.

દા.ત. : જીવનમાં બધા સુખ-દુ:ખો ભોગવી માણસ વૃદ્ધાવસ્થામાં થાકી ગયો હોય છે. તેને ધનદોલત, સ્ત્રી, કીર્તિ, સત્તાનું આકર્ષણ ઘટી ગએલું હોય છે. જે મળે છે તેમાં જ તે શાંતિથી જીવવા માગે છે. તે જીવનમાંથી છૂટવાના વેતરણમાં હોય છે. મૃત્યુની વાટ જોતો હોય છે. આ પણ એક આધ્યાત્મિક રીત છે. પણ તેમાં શરીરનાં સહકારની તે હવે અપેક્ષા રાખતો નથી. શરીર છોડવા માગે છે. આ સહેલી રીત છે પણ શ્રેષ્ઠ રીત તો નથી જ.

આના કરતા શરીર યુવાન હોય, જીવનમાં બધું છોડવા કરતા કાંઈ કરવાની ક્ષમતા અને ઈચ્છા હોય ત્યારે જ યોગની શરૂઆત કરવી એ વધારે સારી વસ્તુ છે. આવી વ્યક્તિ વધારે ભાગ્યવાન ગણાય.

આનાં કરતાં પણ એક શ્રેષ્ઠ અવસ્થા છે. તેમાં બાળક સભાન ચેતના સાથે જન્મે છે. તેનો ચૈત્યપુરૂષ જાગૃત હોય છે. તે સપનામાં સુંદર વસ્તુ જોય છે. ભાવ અનુભવે છે. સુંદરતાને પ્રેમ કરે છે, ભદ્રતા તેને ગમે છે. ન્યાય તેને પ્રીય હોય છે. ઉત્સાહને લીધે સદા વિજયી બને છે. તેને સુંદર જીવન અને સુંદર જગતના સપના પડે છે.

યુવાનીમાં આવું બાળક આધ્યાત્મિક શક્તિની ખોજમાં હોય છે. હું માંદાને સાજા કરી દઉં. ભૂખ્યાને અન્ન આપું, અનાથનો સહારો બનું, તેના ઉત્સાહ ઉપર અજ્ઞાની માતાપિતા અને શિક્ષક ઠંડુ પાણી જ રેડે છે. તે અજ્ઞાની વડીલો જાણતા નથી, કે તેઓ એક આત્માને વિકસતા અટકાવી રહ્યાં છે.

બાળકોના સુંદર સપનાઓને વાસ્તવિક કરવા પ્રેરણા આપો. તેનો આત્મવિશ્વાસ જગાડો. આ રીતે પ્રભુના કાર્યમાં સહભાગી બનો.

બાળકોને વધુ પડતા આજ્ઞાંકિત રાખવા એ તેને ગુલામી કરતાં શિખવાડવા જેવું છે. તેમની પ્રકૃતિને ઓળખી તેનો વિકાસ કરતાં માળી બનો, માલિક ન બનો.

જગતની વાસ્તવિકતાથી તેને અજાણ રાખવાનો નથી. હાલની પરિસ્થિતિથી વાકેફ કરો, અને કહો હા, હાલમાં આવી સ્થિતિ છે. પણ તે જરૂર બદલાશે, કારણ પ્રભુ પણ તે બદલવા ઈચ્છે છે. આપણે બદલવાનો જરૂર પ્રયત્ન કરશું. પ્રભુ આપણને જરૂર મદદ કરશે. કદાચ વાર લાગે. પણ તેથી શું ? આપણે પ્રયત્ન કરીએ તે પ્રભુને ખૂબજ ગમે છે. તે કહે છે 'આ મારું બાળક છે.''

બાળકને કહો તારું સપનું જ સાચું છે. કારણ તે પ્રભુનું જ સપનું છે. પ્રભુતારી માર્ફત જ સપનું જોઈ રહ્યાં છે.

બાળકમાં જ્યારે પોતાનું સપનું સાકાર કરવાનો સંકલ્પ જાગશે ત્યારે તેના શરીરનાં કોષોમાં પણ શ્રદ્ધા જાગશે. શરીરને લાગશે કે તે પ્રભુનો સંકલ્પ કરવા જ જન્મ્યું છે. તે સ્વેચ્છાએ પોતે ધારણ કરેલ ચૈત્યપુરૂષને સમાર્પિત થશે.

કેટલીક વાર બાલ્યાવસ્થામાં આંતર-આનંદ કે આંતર-પ્રકાશનો અનુભવ આવે છે અને બાળક અંદરથી અનુભવે છે કે આ જ સત્યને મેળવવા તે માંગે છે. આ તદ્દન સાચી અનુભૂતિ છે. તેણે તેવો જ પ્રયત્ન કરવો જોઈએ. તે તેના માટે જ જન્મ્યો હોય છે; અને તેવો સાક્ષાત્કાર તેને માટે ફરી શક્ય છે જ.

જ્યારે પણ સમય મળે ત્યારે તેણે પોતાની ખોજ ચાલુ જ રાખવી જોઈએ. આ સહુથી વધારે ભાગ્યવાન બાળકો હોય છે. તેમના શરીરનાં કોષો તેમની સાધનામાં શરૂઆતથી જ જોડાયેલાં હોય છે.

સર્વ સાધારણ બાળકો અને વ્યક્તિઓ જેઓ સદભાગ્યે ખરાબ કેળવણી, ઉપદેશ કે ઉછેરને કારણે બગડયાં નથી તેઓમાં સાધારણ રીતે માનસિક અને પ્રાણમય સમતુલા અને નિરામયતા હોય છે. તેઓનાં શરીરનાં કોષો પણ

આત્મ-વિશ્વાસપૂર્ણ હોય છે અને તેથી તે બાળકનું આરોગ્ય અને જીવનવિષયક દૃષ્ટિકોણ સકારાત્મક હોય છે.

માંદગી, અકસ્માત, ખોટી કેળવણી, અવ્યવસ્થિત જીવન આ બધાં શરીર અને શારીરિક કોષોની શ્રદ્ધા અને વિશ્વાસનો નાશ કરે છે. માંદો પડે તો તેને સાજો થાય એ બાબતમાં શંકા જન્મે છે. વિકૃત-વિચારો આવી રીતે ખૂબજ ઘાતક પૂરવાર થાય છે. સામુહિક-સૂચનો તેમાં વધારો કરે તો તે વધારે વિનાશકારી બને છે. અંતે શરીર સમતુલા ગુમાવી બેસે છે અને શરીરની સ્વયં-આરોગ્ય-પ્રાપ્ત કરવાની ક્ષમતાનો સર્વનાશ થાય છે. તેનું આંતરિક બળ ભાંગી પડે છે. જીવનમાં નિરાશા, અવસાદ, ખોટા-વિચારો, ખોટી ભાવુકતા વધતા જાય છે. મન પણ પોતાની સમતુલા અને નિરામયતા ગુમાવવા માંડે છે.

આની સામે શરીરને વિજય અને યશની આંતરિક ખાત્રી સતત આપતા રહીને તેનો આત્મવિશ્વાસ ખીલવવો પડે છે. આને જ Positive thinking સકારાત્મક - વિચાર કહેવામાં આવે છે. શરીરમાં બીજરૂપે દિવ્યતા રહેલી જ છે તે બાબત સભાન બનવું જરૂરી છે. બાળકના સુંદર સપનાઓમાં સાથ આપો. તેનો આત્મ વિશ્વાસ વધારો.

તમે પુછશો કે આરોગ્ય, પ્રસન્નતા, આત્મવિશ્વાસ, આ કાંઈ આધ્યાત્મિક-વસ્તુ નથી. પણ તે તમારી ભૂલ છે. આપણે આધ્યાત્મિકતાનો ખૂબજ સંકુચિત અર્થ લઈએ છીએ. સાચી વિશાળ આધ્યાત્મિકતામાં તો ઉપરની વસ્તુઓ પણ આવી જાય છે. શ્રી અરવિંદે અતિમનસનો આવિર્ભાવ આ પ્રકરણમાં લખેલ છે કે અતિમનસ શક્તિ આપણે જેને આજે આધ્યાત્મિક કહીએ છીએ તેને જ નહિં પણ કહેવાતી બિન-આધ્યાત્મિક વસ્તુઓને પણ સ્થાપશે, જે આધ્યાત્મિક-જીવનમાં મદદરૂપ હોય અને તેને પોષક હોય. આ અવતરણ રૂપાંતરની પ્રક્રિયાને પણ સહજ અને સર્વમાન્ય કરી નાખશે. શ્રી અરવિંદના મતે તેમાં રાજકારણ અને અર્થકારણ બેનું રૂપાંતર કરવું સહુથી અઘરું જવાનું છે. તેથી હાલના તબક્કે આપણે રાજકારણથી અલિપ્ત જ રહેવા માગીએ છીએ. પણ ભવિષ્યમાં રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેનો સારો સંબંધ, લોક કલ્યાણકારી સરકારી નીતિ, વિનાશક શાસ્ત્રોનો સ્વૈચ્છિક ત્યાગ, માનવી આપત્તિ સમયે વૈશ્વિક મદદ, વૈજ્ઞાનિક સંશોધનોનો સામાન્ય-માનવના જીવનને સુખમય કરવા ઉપયોગ, આવા વિવિધ સ્વરૂપે અધ્યાત્મ જ રાજકારણમાં પ્રવેશવાનું છે.

અર્થકારણમાં પણ એક જ વૈશ્વિક ચલણ, મુક્ત સંચાર, લઘુતમ નફા સાથે

જ ઉત્પાદન, વેચાણ, ઉત્પાદનમાંના નફામાં સમાજની ભાગીદારી. શ્રમકરનાર અને બૌદ્ધિક જીવન જીવનાર વચ્ચેની શ્રેષ્ઠ-કનિષ્ઠતાનો ત્યાગ. બધાની જ 'શ્રમ' માં સહભાગી થવાની ભાવના, આંતરરાષ્ટ્રીય-ચેતનાનો વિકાસ વગેરે સ્વરૂપે અર્થકારણમાં અધ્યાત્મ પ્રવેશશે. અર્થકારણમાં અધ્યાત્મ પ્રવેશવું સહેલું છે. રાજકારણમાં અઘરું છે. કારણ પહેલા આર્થિકક્ષેત્રમાં અમુક ધાર્મિક ટ્રસ્ટો, સમાજોપયોગી સંસ્થાઓએ આવી ભૂમિકા સમાજમાં બાંધી જ છે.

આ બધાના પરિણામે શરીર અને તેના કોષો આધ્યાત્મિક શક્તિઓ અને પરિણામો બાબત વધારે ગ્રહણશીલ બને છે. તેઓ આત્મવિશ્વાસથી દિવ્ય-ચેતનાના પ્રભાવને ખુલ્લામનથી સ્વિકારશે. તેને કારણે અવચેતન અને અચેતનનો પ્રભાવ ઘટતો જશે. કોષો વધારેને વધારે દિવ્ય-શક્તિનાં પ્રભાવને માગશે. તેમાં આનંદ લેશે.

આ રીતે શરીર અને કોષોમાં અભીપ્સા મજબૂત પાયા ઉપર નિર્માણ થશે અને સ્થપાશે.

---

## જગત એક સહિયારું સાહસ છે

(પાના નં ૧૮નું આગળ)

મહાવાસ્તવિકતાના પાયાપર શ્રી અરવિંદ અને શ્રી માનું અખિલ યોગદર્શન ઊભું છે. તે માત્ર વ્યક્તિ લક્ષી નહીં સમસ્ત માનવ વંશ લક્ષી છે.

પ્રચારના બ્યુગલો બીલકુલ ફૂંક્યા વગર દેખાવના ઢોલનગારા જરીયે ઢમઢમાવ્યા વગર આ યોગશક્તિ માનવના અંતરમાં ગ્લોબલી ક્રિયાશીલ બની ચૂકી છે. આ હકીકતનું માણસને ભલે ભાન હોય કે નહીં હોય પરંતુ જ્યાં જ્યાં જે જે સમજ્યા છે તે ચેત્યા છે. તેઓ જાણે છે કે શ્રી અરવિંદ અને શ્રી માનો 'મહામાનવ' એ તો પ્રકૃતિની સમુત્ક્રાન્તિનું પ્રભુ નિમિત એ સાહજિક નૂતન સોપાન છે અને તે મનુષ્યના વિકાસની સાચી દિશામાં એક સાચું પ્રસ્થાન છે. શ્રી મા તેમને ઉદ્દેશીને જે સીધા ત્રણ પ્રશ્નો પૂછી રહ્યાં છે તે હવે પછી જોઈશું.

# : અર્જુનનો વિષાદ યોગ :

- શ્રી હર્ષદ ઠકરાર

ભગવદ્ ગીતાના પ્રથમ અધ્યાયનું શિર્ષક 'અર્જુન વિષાદ યોગ' આપવામાં આવેલ છે. આથી વાચકની અંદર સ્વાભાવિક પ્રશ્ન ઉપસ્થિત થાય કે પરમ પ્રભુ સાથે યોગ સાધવા માટે વિષાદને શા માટે જોડવામાં આવ્યો છે? પરમ પ્રભુ સાથે યોગ સાધવા માટે સામાન્ય રીતે માનવે સાધના કરવી પડે છે. જ્યારે અહીં તો વિષાદને યોગનું કારણ બતાવાયો છે, જે ગીતાના રચયિતાની મહાનતા છે.

માનવ મનના અંદર વિષાદ શા માટે ઉત્પન્ન થાય છે તે માટે આપણે ધૃતરાષ્ટ્ર અને અર્જુનના પાત્રમાંથી સમજવું પડશે. ધૃતરાષ્ટ્ર એ અજ્ઞાનભરી અહંતાનું પ્રતિનિધિત્વ છે. જ્યારે અર્જુન કર્તાભાવ તેમજ કર્મના ફળનો પોતે અધિકારી છે તેની અહંતાનું પ્રતિનિધિત્વ કરે છે. આમ વિષાદનું મુખ્ય કારણ માનવની અંદર રહેલ અજ્ઞાન તથા અહંતા છે.

ગીતાનો પ્રથમ શ્લોક શ્રી કૃષ્ણ કે અર્જુનના મુખેથી બોલાતો નથી. પરંતુ ધૃતરાષ્ટ્રના મુખેથી બોલાય છે.

ધૃતરાષ્ટ્ર એ મોહાંધ વ્યક્તિનું પ્રતિનિધિત્વ છે. મોહાંધ વ્યક્તિ આસક્તિને કારણે પોતાની વિવેક શક્તિ ગુમાવી દે છે તેથી સત્ય-અસત્ય, ધર્મ-અધર્મ,ન્યાય-અન્યાય પારખવાની શક્તિ ગુમાવી દે છે.

ધૃતરાષ્ટ્ર મોહાંધ હોવાથી ભગવાન શ્રી કૃષ્ણ દિવ્ય ચક્ષુ એટલે કે આત્મજ્ઞાન આપવા ઈચ્છે છે છતાં પણ તેનો ધૃતરાષ્ટ્ર ઈન્કાર કરે છે. ધૃતરાષ્ટ્રનું દિવ્ય ચક્ષુના ઈન્કારનું કારણ તે પોતે પુત્રો માટે મોહાંધ હતો જે સર્વ વિદિત છે. આમ ધૃતરાષ્ટ્ર દિવ્યચક્ષુ એટલે પરમ આત્મ જ્ઞાનથી વંચિત રહી પ્રભુ સાથે યોગ સાધી શકતો નથી, અને પ્રભુની કૃપા પ્રાપ્ત કરી શકતો નથી.

વિષાદનું એક જુદું પાસુ આપણને અર્જુનના પાત્રમાંથી મળે છે. કુરુક્ષેત્રના રણમેદાનમાં અર્જુન શ્રી કૃષ્ણ પાસે પોતાનો રથ બન્ને સેનાની વચ્ચે ઉભો રખાવી નિરીક્ષણ કરે છે. નિરીક્ષણ કરતા અર્જુનના મનમાં પ્રશ્ન ઉદ્ભવે છે કે યુદ્ધને કારણે બન્ને પક્ષમાં રહેલા એક જ કુળના સભ્યો છે, આથી યુદ્ધ દરમ્યાન કુળના

વડીલો કે અન્ય સભ્યોનો નાશ થાય તો કુળનો પણ નાશ થઈ શકે. કુળના નાશ થવા બાદ પ્રાપ્ત થનાર રાજ્ય અને સુખનો હેતુ શું ?

અહીં અર્જુન પોતાનો મુળ ક્ષત્રિય હોવાનો ધર્મ એટલે અન્યાય, અધર્મ, અસત્ય વિરૂદ્ધ નીતિ અને ન્યાયનું રક્ષણ કરવાનું કર્તવ્ય ભુલી જાય છે. તેને બદલે સામાજીક આદર્શોથી વિચારે છે. કલ્પના કરે છે. તે પોતે એમ માનવા લાગે છે કે ભીષ્મ પિતામહ, ગુરુ દ્રોણ ઉપર પોતે કેવી રીતે બાણ ચલાવી શકે ?

અહીં અર્જુન યુદ્ધનો મુળ હેતુ ભુલી જાય છે કે કૌરવો દ્વારા અત્યાર સુધી આચરવામાં આવેલ અધર્મ, અન્યાય, અસત્યભરી નીતિ સાથેનું યુદ્ધ છે, અને આ નીતિને ભિષ્મ પિતામહ તથા ગુરુ દ્રોણ દ્વારા પરોક્ષ સમર્થન પણ હતું.

અર્જુન પોતાના મુળ ક્ષત્રિય ધર્મ અન્યાય, અસત્ય, અધર્મ સામેના રક્ષણની જવાબદારી કરતા પોતાના મનમાં ઉદ્‌ભવેલા ખોટા આદર્શોને મહત્વ આપે છે, જેને કારણે અર્જુનમાં અહમભાવ ઉત્પન્ન થાય છે. પોતે જ કર્તા છે અને યુદ્ધકાર્યને રૂપ તે તેની ઈચ્છા મુજબ જ આપશે. આ પ્રકારના અહમને કારણે અર્જુનની અંદર વિષાદ ઉત્પન્ન થાય છે. વિષાદને કારણે અર્જુનની અંદર માનસિક, પ્રાણિક તથા શારીરિક દુર્બળતા ઉત્પન્ન થાય છે અને તેના ગાત્રો શિથિલ થઈ જાય છે.

આવી પરિસ્થિતિ ઉત્પન્ન થવા છતાં પોતાની આસક્તિથી મોહાંધ થતો નથી. પરંતુ અર્જુન જાગૃત હોવાથી પોતાનો સાચો ધર્મ શું છે તે સમજવા માટે શ્રી કૃષ્ણને શરણે જાય છે અને સાચો ધર્મ સમજાવવા પ્રાર્થના કરે છે. જો અર્જુનમાં વિષાદ ઉત્પન્ન ન થયો હોત તો તે શ્રી કૃષ્ણને શરણે ગયો ન હોત. આમ અર્જુનમાં ઉત્પન્ન થએલ વિષાદ પ્રભુ સાથેના યોગનું કારણ બન્યો છે. અને તેથી ''અર્જુન વિષાદ યોગ'' નામ આપવામાં આવેલ છે.

---

ત્રણ ત્રણ કાયા<br>
આપી છતાં માં.....<br>
અધુરી માનવ કાયા<br>
કેમ કરીને મેળ પડે ના<br>
પૂર્ણ કરો અમ કાયા

બિપિનભાઈ

# બાળ-વિભાગ

## મોટી - હિંમત

- માન

મમ્મી, આજે સ્કૂલ સામે એક ઘટના બની. એક ગુંડાએ અમારા સ્કૂલની સાતમા ધોરણમાં ભણતી શ્વેતાની છેડતી કરી. તેણે ચંપલથી એવો લમઢાર્યો કે ગુંડો તેને પગે પડયો અને માફી માગી. અમારા પ્રિન્સીપાલે વિદ્યાર્થીઓની સભા ભરી. શ્વેતાને બિરદાવી અને બધાને હિંમતથી સંકટનો સામનો કરવાનું કહ્યું. તેઓ બોલ્યા - 'હિંમતે મરદા તો મદદે ખુદા' હિંમતવાન માણસને જ પ્રભુ મદદ કરે છે એમ જણાવ્યું.

'બેટા, ખરેખર આજના જમાનામાં શ્વેતા જેવું હિંમતવાન થવું જ જોઈએ. પણ બેટા, આના કરતા પણ એક મોટી હિંમત છે. અને તે છે બીજાનો જીવ બચાવવા હિંમત દર્શાવવી.

''આપણા ભારતમાં ભવભૂતિ નામના મહાન પંડિત થઈ ગયાં. તેમણે લખેલ એક વાર્તા છે સાંભળવી છે બેટા ?''

''હા મમ્મી''

''એક માધવ નામનો યુવાન હતો. તેના ગામની બહાર એક ચામુંડા માતાનું મંદિર. ખૂબજ મોટું અને પુરાતન. તેનો પુજારી તાંત્રિક હતો. મોટા મોટા વાળ, લાલા લાલ આંખો, ક્રૂર ચહેરો, કપાળે મોટો ઉભો સિંદુરનો તિલક, દાઢી વધેલી અને લાલ કપડાં પહેરે. લાકડાની ચાંખડી પહેરે. ચાલે તો અવાજ આવે ખટાક્... ખટાક્... ખટાક્... તે મંદિરનો એક મોટો ઓટલો. એક સાંજે માધવ ત્યાં ખુલ્લી હવામાં બેઠો હતો. પણ મનમાં તો વિચારોનું તોફાન હતું.

ત્યાં....

'બચાવો... બચાવો...''ની ચીસો તેણે સાંભળી, ચીસ મંદિરમાંથી આવી હતી. માધવ હિંમતવાન હતો, દયાળુ હતો. તે સફાળો ઉભો થયો અને મંદિરમાં પ્રવેશ્યો. અંધકાર હતો પણ મંદિરની ચામુંડા માતાની મૂર્તિ પાસે તેને દિવાનો પ્રકાશ દેખાયો. તે ત્યાં દબાતા પગલે પહોંચ્યો.

તેણે જોયું તો ચામુંડા માતાની મૂર્તિ સામેના વધસ્તંભે એક યુવતીને બાંધેલી હતી. માધવે ઓળખી. તે તો તેની માધવી હતી. તેને ઉંઘમાં જ બેશુદ્ધ કરી પૂજારી અને પૂજારણે ગઈ રાત્રે ઉપાડી લીધી હતી. ગામમાં અફવા હતી કે

માધવી ક્યાંક ચાલી ગઈ છે. માધવ તેની જ ચિંતા કરી રહ્યો હતો અને અહિં... માધવીની બલી ચડાવવાની તૈયારી થઈ રહી હતી.

માધવે પોતાના જીવનો વિચાર જ ન કર્યો. ત્રાડ પાડી અને પૂજારીને પછાડયો. પૂજારણને વાળ પકડી ભીંત સાથે અફાળી, દોડીને માધવીને મુક્ત કરી.

ત્યાં પૂજારી ખડગ લઈને સામો આવ્યો. જીવ સટાસટીનો ખેલ થયો. માધવે પૂજારીને ધક્કો માર્યો અને પૂજારી ચામુંડા માતાની મૂર્તિ સાથે અફળાયો. માતાજીનું ત્રિશૂળ તેના છાતીની આરપાર નીકળી ગયું હતું. પૂજારણ તો આ જોઈને જ બેશુદ્ધ થઈ ગઈ.

માધવ અને માધવી મંદિરની બહાર આવ્યાં. તેને વળગીને માધવી રડી રહી હતી. તેણે કહ્યું ''માધવ, હું માતાજીને પ્રાર્થના કરી રહી હતી. છેલ્લા શ્વાસે પણ માધવ... માધવ... રટતા મરું''

''માધવી રડ નહિં. આપણે માતાજીનાં બાળકો છીએ. આપણને ડર શેનો ! માતાજી હરક્ષણે આપણી મદદ કરી જ રહ્યાં છે. આપણે ફક્ત દૃઢ વિશ્વાસ રાખીએ.

મમ્મીએ વાર્તા પુરી કરી અને અબોલ રહી પુત્ર સામે તાકતી રહી.

મમ્મી, હું પણ માતાજીનું બાળક બનીશ, નીડર બનીશ, હિંમતવાન બનીશ.

મમ્મી હાથ લંબાવતા બોલ્યા, ''પ્રોમીસ''

''પ્રોમીસ, મમ્મી''

---

ચાંદ સીતારા સોના કેરા
કાં ? ન માનવ કાયા
પાયે પડીને માગુ હું મા.....
પૂર્ણ સુવર્ણ કાયા

બિપિનભાઈ

# રસાસ્વાદ
## Evolution

- માન

All is not finished in the unseen decree;
A mind beyond our mind demands our ken,
A life of un imagined harmony
Awaits, concealed, the grasp of unborn men.
The crude beginning of the lifeless earth.
The mindless stirrings of the plant and tree
Prepared our thought; thought for a godlike birth
Broadens the mould of mortality.
A might no human will nor force can gain,
A knowledge seated in eternity,
A bliss beyond our struggle and our pain
Are the high pinnacles of our destiny.
O thou who climbest to mind from the dull stone.
Face now the miracled summits still unwon.

આ કાવ્યમાં શ્રી અરવિંદ જણાવે છે કે આ દૃશ્ય જગત પછી કાંઈ જ અસ્તિત્વ ધરાવતું નથી એવું નથી. આ દૃશ્ય જગતની પાછળ અદૃશ્ય જગતની એક પછી એક હારમાળા છે. પેલા અદૃશ્ય જગત સામે તો આ દશ્ય જગત ખૂબજ નાનું અને કદરૂપું લાગે છે.

આપણા મનની પણ પેલી પાર બીજા પણ મનના સ્તરો છે જેઓ દ્વારા આપણે જ્ઞાન મેળવતા હોઈએ છીએ. આપણું સ્થૂળ મન અને સ્થૂળ ઈન્દ્રીયોજ કાંઈ જ્ઞાનનાં સાધનો નથી. આ સાધનો આજે માનવામાં અવિકસીત છે અને તેથી તે ફક્ત આ દૃશ્ય જગત જ જોઈ શકે છે.

આપણા આ દૃશ્ય-જીવનની પાછળ આપણું અદૃશ્ય જીવન હોય છે. આપણે તે જીવન પણ અભાનરીતે જીવતા હોઈએ છીએ. તે જીવન આપણે કલ્પના પણ કરી શકતા નથી તેટલું સંવાદમય અને સુખકર હોય છે. તેઓ છુપાયેલાં હોય છે

(Concealed) તે કાયમ માટે છુપાએલાં રહેવાનાં નથી. જ્યારે માનવ વધારે ઉત્ક્રાંત થશે ત્યારે તે જીવન પણ ક્રમશઃ પ્રકટ થવા માંડશે. હાલના તબક્કે તો તેઓ જાણે પ્રકટ થવા માટે વાટ જોઈ રહ્યાં છે (Awaits) ભવિષ્યમાં જ્યારે વધારે ઉત્ક્રાંત માનવ આવિર્ભાવ પામશે, અતિમાનવ આવિર્ભાવ પામશે, ત્યારે તે માનવની દ્રષ્ટિની કક્ષામાં તે અદ્રશ્ય જગતો આવી જશે પણ આ ઘટના ભવિષ્યમાંની છે. આજે તેવા અતિમાનવો હજી આવિર્ભાવ પામ્યાં નથી. પણ તેઓ ધીમે ધીમે જન્મ લેવાની તૈયારી કરતાં તો નિશ્ચિત અનુભવાય છે (Unborn men)

પૃથ્વી ઉપર આવી રીતે જ ઉત્ક્રાંતી થએલી છે. પ્રથમ પૃથ્વી ઉપર કોઈ જીવન જ નહોતું હતું ફક્ત જડ, નિર્જીવ પાર્થિવ તત્વ (lifeless earth) તે તત્વમાંથી પછી ધીમે ધીમે ખૂબજ પ્રાથમિક સ્વરૂપનું જીવન પ્રકટ થવા માંડયું. પ્રથમ એક પેશી એમીબા આવિર્ભાવ પામ્યાં. પછી અનેક પેશી જીવ જેવું. તે બાદ વનસ્પતિ-સૃષ્ટિ નિર્માણ થઈ (Plant and tree) મન હજી પ્રકટ થએલું નહોતું (mindless) વનસ્પતિમાં પણ ભાવના અને જીવન છે પણ તે મનથી સંચાલિત હોતાં નથી. તેઓ સહજપ્રકૃતિમાં જ જીવે છે. વનસ્પતિનાં મૂળીયાં ભૂગર્ભમાં પાણીની દિશામાં વધે છે તે પણ સહજ પ્રેરણાથી અને પાંદડા પ્રકાશની દિશામાં વળે છે તે પણ સહજ પ્રેરણાથી. આ તેની અજ્ઞાત પ્રજ્ઞાનું કાર્ય હોય છે.

આ સહજ પ્રેરણા ખરેખર તો બધામાં રહેલ પ્રજ્ઞા શક્તિનું અપ્રત્યક્ષ કાર્ય છે. ધીમે ધીમે પ્રાણીસૃષ્ટિ નિર્માણ થઈ. પ્રથમ સરિ-સૃપ સૃષ્ટિ નિર્માણ થઈ. તે બાદ ચો પગા પ્રાણી, પંછી વાનર અને તે બાદ માનવ આવ્યો. ધીમે ધીમે આ ઉત્ક્રાંતીમાં મન આવિર્ભાવ પામ્યું.... અને આજનો માનવ અતિ બુદ્ધિમાન માનવ, આ પૃથ્વિ ઉપર વિચરવા માંડયો.

આગામી પ્રગતિ હવે શારીરિક નહીં હોય. હવે માનસિક પ્રગતિ તરફ માનવ વળશે પ્રથમ ભૌતિક વિજ્ઞાનના સહારે માનવ ઘણી સિદ્ધિઓ હાંસલ કરશે. નિસર્ગનો ઉપયોગ પોતાની સુખ-સગવડતા માટે કરશે. જીવનને રિદ્ધિ-સિદ્ધિથી ભરી દેશે. પણ તેમ છતાં તે અંદરથી તો રિક્ત અને અસંતુષ્ટ રહેશે. આ અસંતોષ તેને આંતર-જીવનના દરવાજા ખટખટાવવા પ્રેરશે અને આ રીતે માનવ આંતર-જીવનનો પ્રદેશનો મરજીવો બનશે. દિવ્ય બનવા પ્રેરાશે (God like birth)

આ ઉત્ક્રાંતિ દરમિયાન તેના આંતર સ્વરૂપમાં ઘણા બદલ આવશે અને

તેનો આંતર-જીવનનો ઘાટ વિશાલ બનતો જશે. તેની આંતરપ્રેરણાઓ કાર્યરત થશે. હવે તે પહેલાનો મર્ત્ય પ્રાણી નહી રહે પણ આધ્યાત્મિક-દુનિયાની આરે ઉભો રહેતો યોગી બનશે. માનવ સમજી ગયો હશે કે ઉત્ક્રાંતિનો સ્વાભાવિક ધક્કો કે માનવી ઈચ્છાથી હવે ઉત્ક્રાંતીના ચઢાણ ચડવા શક્ય નથી. હાલની જ્ઞાન શક્તિઓ આ ઉત્ક્રાંતિનું પગથીયું ચડી શકશે નહી. કોઈ વધારે દિવ્ય, વધારે ઉન્નત શક્તિની જરૂર છે. તે શક્તિને નીચે અવતરણ કરાવી ભૌતિક-શરીર સાથે જોડી દેવાની જરૂર છે. તે ફક્ત ઉર્ધ્વના આધ્યાત્મિક ક્ષેત્રમાં સક્રિય શક્તિને અહિં આ ભૌતિક જગતમાં સક્રિય કરવી જરૂરી છે. તે માટે શુદ્ધ આધ્યાત્મિક જ્ઞાનની જરૂર છે, જે તે સનાતન તત્વ સાથે સંબંધિત છે (A knowledge seated in eternity) તે દિવ્ય-જ્ઞાનના આધારે જ માનવ ઉર્ધ્વમાંના દિવ્ય-આનંદોના શિખરો સર કરી શકશે. તે આનંદ આ પાર્થિવ સુખઃદુખોના પ્રદેશોના ઉર્ધ્વમાં વસે છે (Bliss beyond) તે અમર આનંદોને પ્રાપ્ત કરવા એ માનવનો જન્મસિદ્ધ હક્ક છે. તે તેનું દિવ્ય-ભાવિ છે. (Our destiny)

હે માનવ તે જે નિર્જીવ - પાર્થિવ પદાર્થોમાંથી મન સુધી ઉર્ધ્વ ગતી કરી છે તે ખરેખર સ્તૂત્ય છે. પણ હે માનવ, તારી સામે હજી અજેય એવા અદ્ભૂત આનંદ અને દિવ્યજ્ઞાનમાં શિખરો (miracled summits) સામે દેખાય છે. તેને સર કરવા એ તારું ભાવિ છે. ઉત્ક્રાંતિ તને તે માર્ગે ધકેલી રહી છે. તારા ઉપર દબાણ લાવી રહી છે. આડમાર્ગે જવામાં બાધાઓ ઉભી કરે છે, કારણ હે માનવ, તારે તે શિખરો સર કરવાનાં છે અને તે તારાં વિધિ લેખ છે - પથ્થર પરની લકીર છે. તે તારી અટળ નિયતિ છે.

---

**કાયામાં પાંગરતી કાયા**
**હો પૂર્ણ સુવર્ણ કાય**
**રજકણ રજકણ બદલી, બદલી,**
**પૂર્ણ કરો અમ કાયા...**

બિપિનભાઈ

# પત્રોત્તર

## અવતારવાદ

(પ્રકરણ-૧)

(આશ્રમ પ્રકાશિત પુસ્તિકાના આધારે)

- માન

(શ્રી અરવિંદે શિષ્યોની સાધનાકીય ગુંચો અને ગેરસમજો ઉકેલવા જે તે સાધકોના જીજ્ઞાસાપૂર્ણ પત્રોનાં જવાબ આપ્યાં છે. તે પત્રો દ્વારા આપણને પૂર્ણયોગના વિવિધ સિદ્ધાંતોનું ખૂબજ સરળ ભાષામાં સાચી, સ્પષ્ટ અને બુદ્ધિગમ્ય સમજણ મળે છે. આવા બધા પત્રોના મહત્વનાં અંશો Letters on yoga શિર્ષક હેઠળ પ્રસિદ્ધ થએલાં. તે બધાં શ્રી અરવિંદ શતાબ્ધિ વર્ષ પ્રકાશનમાં વોલ્યુમ ૨૨,૨૩, ૨૪માં સમાવિષ્ઠ કરેલ છે. તેનું ગુજરાતી ભાષાંતર શ્રી હસમુખભાઈ શાહે ખૂબજ સહજ, પ્રવાહીભાષામાં પ્રગટ કરેલ છે. જેનું નામ 'યોગ વિષે પત્રો' એવું છે. આ લેખમાળા આ ગુજરાતી ભાષાંતર ઉપર આધારિત હોઈને તેમાંના મહત્વના ફકરાઓનો વધારે સંક્ષેપમાં ભાવવાહી ભાવાનુવાદ છે. સાધકોને સાધનાકીય માર્ગદર્શન મળે એ તેનો મૂળ હેતૂ છે.- તંત્રી)

(૧) જ્યારે માનવજાતિની ચેતનામાં કોઈ મહાન પરિવર્તન કરવાનું હોય છે, વિકાસની કોઈ નવી જ દિશામાં તેને વાળવાનું હોય છે ત્યારે તે કાર્ય માટે અવતાર થાય છે.

(૨) અવતારની ઘટના હંમેશા માનવતા અને પ્રભુતાની બનેલી... બે દળવાળી ક્રિયા છે.

(૩) જે કાર્ય સાધવાને અવતાર આવે છે તેનું બેવડું સ્વરૂપ હોય છે. બાહ્ય સ્વરૂપમાં તેની દિવ્ય-શક્તિ - માનવજાતિ પ્રભુ પ્રત્યે ઉર્ધ્વગતિ કરે તેને મદદ કરતી હોય છે. તેની વિપરીત ગતિને અટકાવે છે, વાળે છે, બચાવે છે. આંતર સ્વરૂપમાં તે માનવજાતિનો આત્મા પ્રભુનો આવિર્ભાવ કરવા નવાં સ્વરૂપો ધારણ કરે તેની આંતર-રચના કરે છે.

(૪) અવતારનો આધ્યાત્મિક ફાયદો તે જ લોકોને મળે છે જે અવતારના 'દિવ્ય જન્મ અને દિવ્ય કર્મને' ઓળખે છે.

(૧) શ્રી અરવિંદ છેલ્લા અવતાર હતાં પણ તેઓ માનવ-દેહમાંના છેલ્લા અવતાર હતા. દિવ્ય-દેહના અવતારો વિષે આપણે જાણતા નથી.

(૨) શ્રી અરવિંદ તો શાશ્વત અવતાર છે. - શ્રી માતાજી

## અવતાર વિરુદ્ધના તર્ક

વિજ્ઞાનનાં વિકાસ અને પ્રભાવને કારણે સમગ્ર માનવ જાત વધારે બૌદ્ધિક બની ગઈ છે. તેવા આધુનિક-માનસ ધરાવતા માનવને અવતારની ઘટના ઉપર વિશ્વાસ અને શ્રદ્ધા બેસવી મુશ્કેલ છે. તેમની તર્ક-સરણી નીચે મુજબની હોય છે.

(૧) ધર્મવિરોધી માનસને અવતારવાદ એક નરી અંધશ્રદ્ધા અને મુર્ખતા જ લાગે છે.

(૨) માનવી ક્ષમતાઓને કવિ કલ્પનાના બળે વધારે સમર્થ અને વ્યાપક બનાવી અવતારની કલ્પના કરેલ છે. તે વર્ણન મનોરંજક છે પણ વાસ્તવિક નથી.

(૩) જડવાદી, ઈશ્વર બાબત જ શંકાશીલ છે તેથી અવતારની સત્યતાનો કોઈ સવાલ જ રહેતો નથી.

(૪) ઈશ્વર નામનું તત્ત્વ શ્રદ્ધાળુઓને અનુભવાતું હોય છે પણ તે સ્વર્ગમાં રહે છે. જગતમાં માથું મારતો જ નથી.

(૫) નિરાકાર ચેતનાને જ સત્ય માનનારાં અવતારને એક ભ્રમ જ ગણે છે.

(૬) ઈશ્વર સ્વયંપૂર્ણ છે તેને અવતાર લેવાની જરૂર જ શી છે?

(૭) ઈશ્વરને પણ જગત સુધારવા નીચે અવતાર ધારણ કરવો પડતો હોય તો તેની ઈશ્વરત્ત્વ બાબત શંકા સેવવી જ યોગ્ય છે.

## અવતારનો અર્થ

સમગ્ર જગત ઈશ્વરની અંદર જ છે. તે ઈશ્વરમાં જ ગતિ કરી રહ્યું છે. ઈશ્વરને લીધે જ ટકેલ છે. ઈશ્વરને કારણે જ તે જીવન-ધારણ કરે છે. જગતનાં કણેકણમાં ઈશ્વર ઓતપ્રોત છે, તે જ બધા દ્વારા કાર્ય કરી રહ્યો છે. ભોગ-ભોગવી રહ્યો છે, જીવનને માણે છે અને વિકસાવે છે.

દરેક પ્રાણી ગુપ્ત ઈશ્વર જ છે. તે પ્રચ્છન્ન નારાયણ જ છે, કારણ દરેક પ્રાણીની મૂળભૂત ચેતના ઈશ્વરનો અંશ જ છે. માનવ એટલે અનંત ચેતનાનું સાંત સ્વરૂપ છે અને તેથી દરેક પોતાના હૃદયમાં તેની હાજરી અનુભવી શકે છે.

આ રીતે માનવમાત્ર અવતાર જ છે. પણ સામાન્ય માનવમાં તેની પ્રકૃતિની અશુદ્ધતા, વિકારીતા આગળ પડતી છે. જ્યારે જેને અવતાર કહેવામાં આવે છે, તેની દિવ્ય-પ્રકૃતિ આગળ પડતી હોય છે. અવતાર ખાસ હેતુથી લીધેલો હોય છે અને અવતારી પુરૂષને તેની આછી પાતળી કલ્પના પણ હોય છે.

## અવતાર : એક સત્ય

આધુનિક માનવ અવતારનું ઐતિહાસિક સત્ય જોવા તેના બાહ્ય જીવનની ઘટનાઓનો અભ્યાસ કરે છે. પણ આ દૃષ્ટિકોણ જ ભૂલ ભરેલો છે.

સત્યના આવિર્ભાવનાં એક થી એક શૂક્ષ્મ સ્તરો હોય છે. ફક્ત ભૌતિક-સ્તરને જ વધારે પડતું અવાસ્તવિક મહત્વ આપવું એટલે અસંતુલિત વિચાર છે. માણસનું જીવન પણ ભૌતિક, ભાવનિક, વૈચારિક આવા સ્તરે જીવાતું હોય છે. એ જો અનુભવસિદ્ધ ઘટના છે. તો અન્યના અસ્તિત્વની વિવિધ કક્ષાઓ શા માટે ન સ્વીકારવી જોઈએ?

અવતારે પોતાની આંતરિક ચેતનામાં શું કર્યું તે જાણવું મહત્વનું છે. આ આંતરિક જીવન પણ તે જીવનની પાછળ રહેલ એક ચૈતસિક પ્રકાશ અને સત્યના અભિવ્યક્તિ સ્વરૂપ જ હોય છે. તે મૂળભૂત અને અંતરતમ સત્યને પ્રગટ કરવા જ અવતારે જન્મ લીધેલો હોય છે અને તે પ્રગટીકરણ વૈચારિક, ભાવનિક કે ભૌતિક કોઈ પણ સ્તરે થએલું હોઈ શકે છે. દા.ત. ગૌતમબુદ્ધનું મહાભિનિષ્ક્રમણ આ ભૌતિક સ્તરે ઘટેલી ઘટના છે. પણ તેનો 'માર' (સ્મર=કામદેવ) સાથે થએલો સંઘર્ષ એ માનસિક ઘટના છે. જ્યારે બોધિવૃક્ષ નીચે થએલું જ્ઞાન અને સાક્ષાત્કાર એ આધ્યાત્મિક ઘટના છે.

ચેતનાના વિકાસમાં કોઈ તબક્કે અટવાતા માનવને અવતારે આંતરિક ઉકેલ દર્શાવી કેવી રીતે છોડાવ્યો એ મહત્વનું છે. તેના એકના દાખલાના આધારે સમગ્ર માનવજાત ઉકેલ શોધી પોતે ઉગરી જાય છે. એ મહત્વનું છે.

## અવતારની પ્રાચિન ગૂઢ પરંપરા

શ્રી માતાજીને એક વખત પ્રશ્ન પુછવામાં આવેલો કે (૧૪.૮.૫૭ ને ૪.૯.૫૭) અવતાર બાબત કોઈ પ્રાચિન ગૂઢ-પરંપરા છે?

શ્રી માતાજીએ તે વખતે જણાવેલું કે આર્ય સંસ્કૃતિ અને ખાલ્ડિયન સંસ્કૃતિ આ ઈતિહાસમાં સહૂથી પ્રાચિન સંસ્કૃતિઓ કહેવાય છે. પણ આ બન્ને સંસ્કૃતિનાં મૂળમાં અન્ય એક ત્રીજી જ અતિપ્રાચિન સંસ્કૃતિ રહેલી છે. તે

પરંપરામાં જણાવેલ છે કે જગત રચના કરવા પરમ-પ્રભુએ વિશ્વશક્તિઓને સ્વતંત્રતા આપી. પણ આ વિશ્વ-શક્તિઓને પરમ-પ્રભુના જગત-સર્જનનો મૂળભૂત હેતુની પુરતી સમજણ નહોતી. તેથી પોતે પોતાની રીતે વિશ્વ-સર્જન કર્યું. તેથી જગતમાં અવિદ્યા, અચેતનતા, અહંકાર અને દુઃખો નિર્માણ થયાં. તેથી જગત સર્જનના મૂળભૂત આશય સ્વરૂપ સંકલ્પે પ્રભુને પ્રાર્થના કરી કે આપ આમાં હસ્તક્ષેપ કરી જગતની ગતિને યોગ્યમાર્ગે વાળો. તેથી પરમ-પ્રભુએ પોતાની દિવ્ય-પ્રેમ સ્વરૂપ દિવ્ય-શક્તિને સીધે સીધી જડતત્વમાં સ્થાપી. અને તેને સામેના છેડેથી ઉપાય-યોજના કરવા કહ્યું. તેથી દિવ્ય-પ્રેમ જે માનવો પ્રત્યે કરૂણાભાવ રાખતો હતો, તેણે પોતાની નિજ-શક્તિથી માનવરૂપ અવતાર ધારણ કરીને ખોટે રવાડે ચડેલી માનવ-ચેતનાને સાચા ઉત્ક્રાંતિને રાહે લઈ જવા અવતાર તરીકે કાર્ય કર્યું. પ્રેમ સ્વરૂપ એ દિવ્ય-શક્તિ હજી પણ વૈશ્વિક અવચેતન અને અચેતન નીચે અંધારી ગુફામાં શેષશાયી નારાયણ તરીકે હાજર છે. તેમના જ અવિર્ભાવો અવતાર કહેવાયાં. તેથી અવતારો વિષ્ણુના રૂપો છે, એવી માન્યતા આર્ય-સંસ્કૃતિમાં આવેલી છે.

## શ્રી અરવિંદ : શાશ્વત અવતાર

શ્રી માતાજીએ શ્રી અરવિંદના જન્મને શાશ્વત-જન્મ અથવા શાશ્વત-અવતાર તરીકે વર્ણવ્યો છે. તેનો અર્થ શ્રી માતાજીને પુછતાં તેમણે તેના જુદા જુદા નીચે મુજબનાં ચાર અર્થ-ઘટનો આપેલાં છે.

(૧) શ્રી અરવિંદના જન્મનાં પરિણામો અનંતકાળ સુધી લોકો અનુભવતા રહેવાનાં છે એ પ્રથમ અર્થ છે.

(૨) ઉત્ક્રાંતિની પ્રક્રિયામાં શ્રી અરવિંદના જન્મનાં પરિણામો શાશ્વત-સ્વરૂપે જડાઈ ગયાં છે, એ બીજો અર્થ છે.

(૩) દરેક યુગચક્રમાં દરેક યુગે શ્રી અરવિંદ જન્મ ધારણ કરીને પોતાનું દિવ્ય કાર્ય સતત કરતા આવ્યાં છે અને કરતા રહેવાનાં છે, એ ત્રીજો અર્થ થયો.

(૪) શાશ્વત પરમાત્માને શાશ્વત સ્વરૂપે ધરતી ઉપર પ્રગટ કરવાનું શાશ્વત-કાર્ય શ્રી અરવિંદે આ જન્મે કરેલ છે, એ ચોથો અર્થ છે.

આ રીતે શ્રી અરવિંદ શાશ્વત અવતાર છે.

# યોગેશ્વરનો યોગ

પ્રકરણ - ૧ (અ.૧.શ્લોક ૧-૪૭)

## અધ્યાત્મઃ ધર્મનું અંતરંગ

(આ સાથે ભગવત્ - ગીતા ઉપર આધારિત 'યોગેશ્વરનો યોગ' આ લેખમાળા શરૂ કરવામાં આવે છે. ઉપનિષદોમાંનું સારતત્વ ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે. તે પોતે જ તેને ધર્મ્ય-સંવાદં (૧૮/૭૦) તરીકે વર્ણવે છે. આત્મતત્વનો સ્વભાવ એટલે જ ધર્મ અર્થાંત સ્વભાવધર્મ. તે સનાતન વસ્તુ છે. આવા ધર્મને લગતો સંવાદ તે જ ધર્મ્ય - સંવાદ કહ્યો છે. શ્રી કૃષ્ણે વિવિધ ઉપનિષદોની યોગ-ધારાઓનો સમન્વય પોતાની 'યોગનિષ્ઠા'ની કલ્પનામાં કર્યો છે. શ્રી અરવિંદ અલિપૂર જેલમાં ગીતા વાંચતા હતા ત્યારે તેમને ભગવાન શ્રીકૃષ્ણજ જેલમાં જ સનાતન-ધર્મ વિષે જણાવતા હોય એવું લાગ્યું. જેલમાં જ તે સંપર્ક પુરો થયો નહોતો. પોંડીચેરી આવ્યા પછી શ્રી અરવિંદના સ્વયંલેખનના પ્રયોગોમાં 'યોગેશ્વર' તરીકે આવીને પણ તેમને યોગસાધના વિષે જણાવતા. તેની વિગતો શ્રી અરવિંદે ૧૯૧૦માં 'યોગિકસાધના' નામક પુસ્તકમાં જણાવેલ છે. એક વખત સ્વયં-લેખનનાં પ્રયોગ દરમિયાન તેમને શ્રી કૃષ્ણનાં સ્વરૂપનું ક્ષણીક દર્શન પણ થયાનો ઉલ્લેખ શ્રી અરવિંદે "Records of Yoga" માં કરેલ છે. (૧૭-૯૧૩ અને ૧૩-૧૨-૧૨)

શ્રી અરવિંદના યોગને સાચી રીતે સમજવા આ સમગ્ર પાર્શ્વભૂમીનો સ્પષ્ટ ખ્યાલ રાખવો જરૂરી હોય છે. અન્યથા અર્થનો અનર્થ થવાની શક્યતા વધી જાય છે. - તંત્રી)

હસ્તિનાપુરનું સામ્રાજ્ય કુરૂવંશનું. કુરૂવંશમાં યુવરાજપદની નિયુક્તિનો પ્રસંગ સર્જાયો. પરંપરાનુસાર જયેષ્ઠ રાજપુત્ર જ યુવરાજ બની શકે. પણ ધૃતરાષ્ટ્ર જન્માંધ હતા. તેથી ધર્મ-સભાએ આપદ્ - ધર્મ તરીકે કનિષ્ઠ રાજપુત્ર પંડુને યુવરાજપદ સોંપ્યું. પંડુ પણ ટી.બી. પેશંટ હતા. ધૃતરાષ્ટ્રને યુવરાજપદ ગુમાવવાનો વસવસો સદા મનમાં રહ્યો હતો.

ધૃતરાષ્ટ્રના પુત્રો કૌરવો કહેવાયા. તે પાછળ ધૃતરાષ્ટ્રનો ભાવ એજ હતો કે તેના વંશજો જ સાચા કુરૂવંશના પ્રતિનિધિ છે. પંડુનાં પુત્રો પાંડવો કહેવાયા. ધૃતરાષ્ટ્રનો જયેષ્ઠ પુત્ર દુર્યોધન, પંડુનો યુધિષ્ઠિર. ઉંમરમાં યુધિષ્ઠિર દુર્યોધન કરતાં મોટો. પંડુનું ટી.બી.થી મરણ થાય છે. અને ફરી યુવરાજપદનો પ્રશ્ન ચગે

In sweet memory of Devang Vyas



જન્મ : ૨૩ સપ્ટેમ્બર, ૧૯૭૭ સ્વ. : ૧૨ માર્ચ, ૨૦૦૭

**This Issue Is Sponsered by Dolly Sinha**

જીવનને એવું બનાવી દો કે

દેહ છોડતી વખતે ભગવાન જ યાદ રહે.

# કોઈ મૃત્યુ પામતું જ નથી

જે વસ્તુ બની ગઈ છે (મૃત્યુની ઘટના) તેને એક નિયત થયેલી વસ્તુ તરીકે અને આત્માની જન્માંતરની પ્રગતિ માટેની ઉત્તમ વસ્તુ તરીકે સ્વીકારી લેવી જોઈએ, જો કે આ વસ્તુ માનવની દૃષ્ટિમાં, જે ફક્ત વર્તમાનમાં જ અને બાહ્ય દેખાવમાં જ જુએ છે. તેને ઉત્તર તરીકે જોઈ શકતી નથી. આધ્યાત્મિક સાધક માટે મૃત્યુ એ ફક્ત એક જીવનમાંથી બીજા જીવનમાં પસાર થવાનો માર્ગ છે, અને કોઈપણ વ્યક્તિ મૃત્યુ પામતી નથી પરંતુ વિદાય લે છે, તમે તે વસ્તુને આ પ્રમાણે જુઓ અને તમારી અંદર રહેલા પ્રાણમય શોકના પ્રત્યાઘાતોને ખંખેરી નાંખો - પ્રાણમય શોકના પ્રત્યાઘાતો તેની યાત્રામાં મદદ કરી શકતી નથી. - પરમાત્માના માર્ગમાં મક્કમપણે ચાલો.

- શ્રી અરવિંદ

છે. દુર્યોધન મહત્વાકાંક્ષી હતો. પિતાના વસવસાએ તેને વારસામાં પાંડવોનો દ્વેષ આપ્યો હતો. તેણે યુવરાજપદ માટે ઉમેદવારી નોંધાવી.

ફરી ધર્મ-સભામાં ચર્ચા. ધર્મસભાએ જણાવ્યું કે મહારાજા પંડુનો જયેષ્ઠ પુત્ર યુધિષ્ઠિર જ પરંપરાનુસાર યુવરાજપદ માટે યોગ્ય ગણાય. એક તો એ પણ કુરૂવંશીય છે, દુર્યોધન જ કાંઈ કૌરવ નથી. બીજુ, તે દુર્યોધન કરતાં વડીલ છે. પણ જો યુધિષ્ઠિર સ્વેચ્છાએ અથવા સંયોગ વશાત્ યુવરાજપદ ત્યાગે તો દુર્યોધનને યુવરાજપદ મળી શકે. કારણ તે બધા શેષ કૌરવોમાં જયેષ્ઠ છે. યુધિષ્ઠિર સ્વેચ્છાએ યુવરાજપદ છોડે તેવી શક્યતા નહોતી. તેથી સંજોગ વશાત્ જ તે યુવરાજપદ છોડે એવો કારસો દુર્યોધનના મામા શકુનિએ રચ્યો.

ક્ષાત્ર ધર્માનુસાર ક્ષત્રિયે દરેક આવ્હાન વીરતાથી સ્વિકારવું જ જોઈએ. શકુનિએ યુધિષ્ઠિરને દ્યુત રમવાનું આવ્હાન આપ્યું. યુધિષ્ઠિરને સ્વિકારવું પડયું. શરત એ હતી કે હારે તેને સકુટુંબ ચૌદ વર્ષનો વનવાસ અને એક વર્ષનો અજ્ઞાતવાસ. અજ્ઞાતવાસમાં પકડાઈ જાય તો ફરી તેવું જ પુનરાવર્તન. શકુનિનો અંદાજ હતો કે દર અજ્ઞાતવાસમાં તેમને પકડી પાડી કાયમી રૂપે વનવાસી જ રાખવા. દરમિયાન અન્ય ઉપાયોથી પાંડવ કુટુંબનો જ ખાત્મો બોલાવી દેવો. લાક્ષાગૃહની ઘટના આમાંથી ઉદ્ભવી પણ વિદુરની પૂર્વ સૂચનાથી પાંડવો બચી ગયાં.

દ્યુતમાં શકુનિ કુશળ હતો. તેથી યુધિષ્ઠિર હાર્યા. શરત મુજબ વનવાસ સ્વિકારવો પડયો. પણ દુર્યોધને અતિ ઉત્સાહમાં દ્રોપદીના ચિરહરણનો પ્રસંગ નિર્માણ કર્યો અને કૌરવ પાંડવોનું વેર-બંધાયું.

વનવાસ અને અજ્ઞાતવાસ શરતો મુજબ પૂર્ણ થયો. દુર્યોધન અને શકુનિને હવે સંજોગો નિર્માણ કરવાનું અન્ય કારણ મળ્યું નહિ. પાછલા પંદર વર્ષમાં દુર્યોધને અનેક રાજવીઓને મિત્ર બનાવી પોતાની વગ ઊભી કરી હતી. યુદ્ધમાં જ પાંડવોનો નાશ કરવાનો નિર્ણય લેવાયો. શ્રી કૃષ્ણની વ્યાજબી સમાધાનની વાતોને તેઓ ઘોળીને પી ગયા. અને યુદ્ધનો પ્રસંગ સર્જાયો કૌરવોનું સૈન્ય વિશાળ હતું.

યુદ્ધની ઘોષણા થઈ. આજે યુદ્ધનો પ્રથમ દિવસ હતો. અર્જુન સામે પક્ષે કોણ છે તે જાણતો હતો. વેરભાવથી બધાનું નિકંદન વાળવાનો તેનો મક્કમ નિર્ધાર હતો. ગર્વભેર તેમને જોવાની ઈચ્છા થતાં રથને બે સૈન્ય વચ્ચે લેવાયો. વિજયના દૃઢ નિર્ધારને વધારે સતેજ કરવાને બદલે અનપેક્ષિત ઘટના બની. પોતાનાજ

સાળાઓ, ગુરૂઓ, ભાઈઓને જોઈ અને યુદ્ધના ભયાનક પરિણામોની કલ્પના જે પ્રથમથી તેને હતી જ પણ તેની ભીષણ પ્રતીતી થતા જ તે ક્ષત્રિયને પોતાના જ વેરભાવની શરમ આવવા લાગી. તેમાંથી જન્મ્યો અર્જુનનો વિષાદ. ક્ષત્રિયને માટે આવો વિષાદ ક્ષાત્રધર્મ વિરોધી હતો. છતાં થયો એ હકીકત બની. કારણ બુદ્ધિ ઉપર હ્દય હાવી થઈ જ જાય છે.

અર્જુને જાણે વિવેકી પુરૂષની ભૂમિકા લીધી, પણ એ તો મોહિત પ્રાણના બહાના હોય છે. તે બોલ્યો, ''કૃષ્ણ, સખા, મને તો અહિં મોટા અમંગળના એંધાણ જણાય છે (નિમિત્તાનિ ચ પશ્યામિ વિપરીતાનિ ૧.૩૧)

સ્વજનોને જ મારવાથી મારું ભલું (શ્રેયસ) થવા કરતાં મારાથી પાપની પરંપરા જ શરૂ થશે. એવું લાગે છે (ન ચ શ્રેયોનુપશ્યામિ હત્વા સ્વજન ૧.૩૧) હું ન્યાય મેળવવા લડવા માગતો હતો. પણ આટલા સ્વજનોના ભોગે તે ન્યાયનો અર્થ શો રહ્યો ! રાજ્ય અને તેની સુખસંપત્તિ પણ મને સ્વજન-વધથી થતા પશ્ચાત્તાપમાંથી ઉગારી નહિ શકે. સ્વજનોને મારીને મને ત્રૈલોક્યનું રાજ્ય પણ શું ખપનું (અપિ ત્રૈલોક્ય રાજસ્ય હેતો : કિમ્ ૧.૩૫)

સ્વજનોને મારી મને મિત્ર દ્રોહ અને કુલક્ષયનું પાપ લાગશે અ વધારામાં. (કુલક્ષયકૃતં દોષં મિત્ર દ્રોહે ચ પાતકમ ૧.૩૮) મારે આ પાપોમાંથી બચવું જ પડશે. કુળક્ષયથી સનાતન ધર્મ સ્વરૂપ કુળધર્મ લોપાશે. કુળધર્મ લોપાતા (કુલક્ષયે પ્રણશ્યંતિ કુલધર્મોઃ સનાતના ૧.૪૦) અધર્માચરણ વધશે. કુળસ્ત્રીઓ કુલટા થશે. વંશશુદ્ધિ નહિ રહે મિશ્રવંશ નિર્માણ થશે. અને આવા સંકરવંશને પોતાનો કોઈ કુળધર્મ રહેતો નથી કે નથી રહેતી પિતૃ-પરંપરા. (ધર્મે નષ્ટે કુલ કૃત્સ્નમ્ ૧.૪૦) પિતૃઓ પિંડદાન વિના ટળવળશે. જાતિ અને વર્ણ (લુપ્તપિંડોદક ક્રિયાઃ ૧.૪૨) વ્યવસ્થા ઉચ્છેદાશે. સમાજ વ્યવસ્થા ભાંગી પચશે. લોકો પતીત જીવન જીવશે અને નરકગામી બનશે. (નરકે નિયતં વાસો ૧.૪૪)

અરેરે, હું તો લોભથી પાપોની પરંપરા જ નિર્માણ કરવા વેરભાવથી પ્રવૃત્ત થયો હતો ! (લોભોહત ચેતસઃ ૧.૩૮) વેરભાવથી અંધ બની ગયો હતો. સારું થયું ટાણે જ સાવચેત થઈ ગયો. આના કરતાં ભીક્ષા માંગીને પાપી પેટ ભરવું સારું. અથવા યુદ્ધમાં કૌરવોના હસ્તે હણાઈને ધારાતીર્થે પતન પામવું સારું.''

આમ કહીને અર્જુન રથમાં જ ફસડાઈ પડયો. ધનુષ્યબાણ ત્યાગ્યા. શોકવિવ્હળ બની ગયો.

કુદરત વ્યક્તિની ચેતનાના વિકાસ માટે દબાણ લાવવા તેણે રચેલી માનસિક

સમતુલા અને ગોઠવણને ભાંગી નાખે છે, જેથી તે વધારે વિશાળ અને ઉર્ધ્વ સત્ય ધરાવતી સમતુલા રચવા પ્રેરાય. આજ ઘટના અર્જુનના વ્યક્તિગત જીવનમાં બની હતી. ભગવાન શ્રીકૃષ્ણે આ વિષાદનો ઉપયોગ તેને 'યોગનિષ્ઠા'ની સમજણ આપવા કરી લીધો. વિષાદને વિષાદ-યોગ બનાવી મુક્યો.

લોઢું ગરમ હોય ત્યારે જ ટીપીને નવો ઘાટ આપવો પડે છે. શ્રીકૃષ્ણને યોગબીજ વાવવા અર્જુનનો વિષાદ અનુકુળ લાગ્યો.

અર્જુનના વિષાદ પાછળ તેની સમજણ અને માન્યતાઓ કારણીભૂત હતી. તે નીચે મુજબની હતી. મૃત્યુ એક અમંગળ વસ્તુ છે. પોતાના કર્મની જવાબદારી પોતાની જ છે અને તેનાં પરિણામ અટળ રીતે ભોગવવા પડે છે. પોતે દ્રોપદીના અપમાનનું વેર વાળવા અને ન્યાય મેળવવા જ યુદ્ધ કરી રહ્યો હતો. ધાર્મિક રૂઢિઓ, કુળપરંપરા, સમાજ વ્યવસ્થા આ જ સાચો સનાતન ધર્મ છે. ક્ષત્રિયે વ્યક્તિગત આદર્શોને જ અનુસરવું જોઈએ.

શ્રીકૃષ્ણે આ બધી જ ગેરસમજોના યોગ્ય જવાબો બીજા અધ્યાયમાં આપ્યા છે. મૃત્યુએ જુના કપડા બદલવા જેવી ઘટના છે તે અમંગળ વસ્તુ નથી. અજ્ઞાની લોકો પ્રકૃતિને વશ થઈને કર્મ કરે છે. જ્યારે જ્ઞાનીઓ ઈશ્વરની પ્રેરણાનુસાર. કર્મ કરવા છતાં તેની જવાબદારી યોગદ્વારા નકારી શકાય છે. કર્મનો કર્તા પ્રભુજ છે. એવો ભાવ આમાં મદદરૂપ થાય છે. આ યુદ્ધ પ્રભુના સંકલ્પાનુસાર અધર્મના નાશ માટે નિર્માણ થયું છે. ક્ષત્રિય માટે યુદ્ધતો સ્વર્ગના દ્વાર સમાન છે. ધાર્મિક કર્મ કાંડ અને વ્યક્તિગત આદર્શો એ તો અજ્ઞાની લોકોનાં જ ધર્મ જેવાં લાગે છે. તે સાચા ધર્મનું પ્રાથમિક સ્વરૂપ કે બાહ્યઅંગ જ છે. તેનું અંતરંગ છે અધ્યાત્મ. 'યોગનિષ્ઠા' એ જ સનાતન-ધર્મ છે. યોગનિષ્ઠા અપનાવનારને કર્મો નડતા નથી. અને તેને અવ્યય એવુ આત્મસાક્ષાત્કારનું પદ મળે છે. કારણ તેમાં પુરૂષની વિકૃતિઓમાંથી છૂટકારો પામી પરાપ્રકૃતિનું મૂળસ્વરૂપ-પ્રાપ્ત કરે છે. તેથી પ્રકૃતિની ખલેલ બંધ પડી અવ્યય અર્થાત અવિનાશી પદ પ્રાપ્ત થાય છે.

શ્રીકૃષ્ણ અર્જુનને વિવિધ કારણોસર યુદ્ધ કરવું જ શ્રેયસ્કર છે, એ હવે સમજાવશે. તેમાં નિર્માણ થતાં પ્રશ્નોનાં જવાબ આપશે અને આ સંવાદ દ્વારા આપણે 'યોગનિષ્ઠા'નું અંતરંગ જાણતા થશું. 'યોગનિષ્ઠા' એ જ શ્રી અરવિંદના પૂર્ણયોગનું બીજ છે. શ્રીકૃષ્ણ તે જ વસ્તુ શ્રી અરવિંદને અલિપૂર જેલમાં સમજાવતા હતા.

પણ શ્રી અરવિંદનો પૂર્ણયોગ એ શ્રીકૃષ્ણનાં યોગનિષ્ઠાની કાર્બન કોપી કે

યથાવત્ પુનરાવર્તન નથી. શ્રી માતાજીને એક વખત પ્રશ્ન પુછાયેલો કે હઠયોગ જો ઉપયોગી હોય તો તે અપનાવવામાં વાંધો શું ? શ્રી માતાજીએ જણાવેલું કે આપણે જુની યોગપ્રણાલિના મૂળભૂત સિદ્ધાંતોને લઈને આજની સદ્યસ્થિતિમાં તેમને ઢાળીને અપનાવવા પડશે. યોગસમન્વય એ વિવિધ યોગપ્રણાલિઓના ટુકડાને જોડીને તૈયાર કરેલું વસ્ત્ર નથી પણ તેમના મૂળભૂત સિદ્ધાંતોને સ્વિકારી એક વ્યાપક અને સર્વસમાવેશક સિદ્ધાંત તારવી તેને આજની પ્રવર્તમાન સ્થિતિમાં ઢાળીને સ્વિકારવાનો રહે છે. જેથી તે વધારે તાત્કાલિક પરિણામદાયી બને અને સાથે સાથે સમગ્ર વિશ્વમાંની વિવિધ પ્રજાને પણ સર્વમાન્ય બને. ઉત્ક્રાંતિ સમગ્ર વિશ્વની ચાલી રહી છે એ સત્ય ધ્યાનમાં રાખવું જરૂરી છે. સમગ્ર વિશ્વ અપનાવે તેવું જ આયોજન હોવું જરૂરી છે.

શ્રી અરવિંદની આ જ મૌલિકતા છે જે આપણે ધ્યાનમાં રાખવાની છે. પણ તેની પાકી સમજણ માટે વિવિધ યોગ-પદ્ધતિઓનો સર્વાંગી અભ્યાસ કરી તેના મૂળભૂત સિદ્ધાંતોને અપનાવવા પડશે અને તેમને આજના આ ખચજા નૈકી માં આયોજી નવી સર્વસમાવેશક યોગ-પ્રણાલિ વિકસાવવી પડશે. શ્રી અરવિંદે પાયો નાખ્યો છે. દરેકે તેની સમજણ દ્વારા પ્રયોગશીલ થઈને પોતે પોતાનો નૂતન માર્ગ રચવો પડશે.

આ પ્રયોગશીલતાનું સ્વાતંત્ર્ય બધાને આપીને જ ગીતા આપણે સમજવાની છે. ફક્ત ગીતા જ નહિ બધું જ. વેદો, બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો, ગીતા, પુરાણો અને વિવિધ સંપ્રદાયનાં સપ્તરંગી આધ્યાત્મિક પ્રવાહો પણ ભારતીય પરંપરાની આ જ સાચી અને જરૂરી ઓળખાણ હશે. જુનું તે સોનું એ આપણો અભિગમ મુદલે નથી. સર્વ દિશાએથી સત્ય મને આવી મળે એ જ સાચા આર્ય-નિષ્ઠાની અભિલાષા આપણે રાખવાની છે. ભારતનું સ્વર્ણિમ ભાગ્ય આ માર્ગે જ વિકસાવવાનું છે.

(૧) આ અધ્યાયમાં ત્રણ વિશેષતા છે. માનવ-ચેતનાની કટોકટીમાં જ નવા સત્યો પ્રગટ થાય છે. એ અર્જુન વિષાદ દર્શાવે છે.

(૨) જીવનનો વિષાદ પણ વિષાદ યોગ બની જાય છે. કારણ Whole life is yoga. સમગ્ર જીવનની દરેક ઘટના યોગમય બની શકે છે.

(૩) પ્રત્યક્ષ અવતારને પણ સંઘર્ષ કરીને માનવ-જાતિનું સૂકાન અને સારથિપદ સ્વિકારી તેને નૂતન દિશા દર્શાવવી પડે છે. જે કૃષ્ણે કર્યું છે.

# વૈદિક છંદો

પ્રકરણ - ૨

- માન

## યાજ્ઞવલ્કયની વાજસનેયી - વિદ્યા

સૌર શક્તિથી, સૂર્ય પ્રકાશથી જ અન્ન થાય છે. સૌરશક્તિ જ આપણને પોષણ આપે છે. તેથી તે 'વાજ' છે. વાજ એટલે પોષણ આપતી સૌર-શક્તિ, પુષન્ - શક્તિ.

યાજ્ઞવલ્કયને આ દિવ્યજ્ઞાન ભગવાન સૂર્યનારાયણે પોતે આપ્યું હતું એવું મનાય છે (સાવિત્રી શબ્દનો અર્થ પણ આ જ છે) યાજ્ઞવલ્ક્ય જ ઈશોપનિષદના ઋષિ છે. તેમને ભગવાન શિવે યોગેશ્વરની પદવી આપેલી એવી પરંપરા છે. શ્રી અરવિંદનું 'દિવ્યજીવન' મૂળતઃ ઈશોપનિષદની ટીકા જ છે.

વાજસનેયી-યજ્ઞમાં શરૂઆતમાં વસુધારાના મન્ત્રો આવે છે. આ બધા મન્ત્રો રાષ્ટ્રભૃત-સુક્તનાં અંશો છે. રાષ્ટ્રભૃત સુક્ત એટલે સમગ્ર રાષ્ટ્રને ચેતનાથી ભરણપોષણ આપતું સ્તોત્ર.

પરમ-ચેતનાનો જે અંશ નીચે અવતરણ પામીને વિવિધતત્વોમાં અન્તર્યામી બનીને રહ્યો છે, તેને 'વસુ' અર્થાંત 'વસનાર ચેતના' કહે છે. આ બધા આપણા સ્વરૂપમાં જ રહે છે, કારણ અષ્ટધા પ્રકૃતિમાં રહેનારી આઠ ચેતના એટલે જ અષ્ટ-વસુ. તે નીચે મુજબનાં છે. આપણા સ્વરૂપમાંની પૃથ્વિની ચેતનાને 'ધરા' કહે છે. 'આપ' ની ચેતનાને 'સોમ'. તેજની ચેતનાને 'અનલ' - વાયૂની ચેતનાને 'અનિલ' આકાશની ચેતનાને 'ધ્રુવ' આ પંચતત્વોની પાંચ ચેતના છે. પંચ વસુ છે. બાકી ત્રણ કક્ષા પ્રાણમય, માનસિક અને ચૈતસિક કક્ષાની છે. પ્રાણમય તત્વમાંથી આવિર્ભાવ પામતી સંવેદન સ્વરૂપ સભાનતાને 'પ્રભાસ' (પ્રભાત) કહે છે. માનસિક ચેતનામાંથી પ્રકટતી સમજણ શક્તિસ્વરૂપ ચેતનાને 'અહ' (દિવસ) અને ચૈતસિક ચેતનામાંથી પ્રકટ થઈને પરમ-ચેતનામાં વીલીન થતી ચેતનાને 'પ્રત્યૂષ' કહે છે. પ્રત્યૂષ એટલે ઉષાથી વિરૂદ્ધ અર્થાંત સાયંસંધ્યા. આમ કુલ આઠ વસુ છે. છેલ્લા ત્રણ વસૂઓને 'ત્રિસંધ્યા' અથવા 'ત્રિસવન' કહે છે. કારણ આ ત્રણ કક્ષાઓ અનુસાર પ્રથમ પાંચ વસુઓ વિકાસ પામે છે. સવન એટલે સેવવું, વિકસાવવું. તેથી અષ્ટવસુઓને નીચે અનુસાર ગણાવે છે.

**ધરોધ્રુવશ્ચ સોમશ્ચ અહશ્ચૈવાનિલોનલઃ।**

**પ્રત્યૂષશ્ચ પ્રભાસશ્ચ વસવોષ્ટાવિતિ સ્મૃતાઃ।**

આ બધા જ - વસુઓ એક બીજાથી વિખુટા પડી ગયાં છે અને સ્વતંત્ર અને એકાકી છે એમ વર્તે છે. તેથી આપણી ચેતનામાં આપણે વિસંવાદ, તાણ, સંઘર્ષ અને સ્વરૂપ વિભાજન (Split personality) જેવી ઘટનાઓ અનુભવીએ છીએ.

ગીતા અષ્ટવસુને ભિન્ન દર્શાવી આજ રીતે નીચે મુજબ ગણાવે છે.

**ભૂમિરાપો નલો વાયૂ ખંમનો બુદ્ધિ રેવચ।**
**અહંકાર ઈતીયંમે ભિન્ના પ્રકૃતિ રષ્ટધા॥**

******

આ બધાને જોડીને તેમની એક સાંકળ અથવા ધારા નિર્માણ કરવા જણાવતા વસુધારા - મન્ત્રો પ્રથમ આ વાજસનેયી-યજ્ઞમાં આવે છે. (દરેક યજ્ઞ-પ્રકારે પોતાની અંદર એક ખાસ સ્વરૂપની અધ્યાત્મ-વિદ્યાને ધારણ કરી રાખેલ છે. તે સમજી લેવી જરૂરી છે)

આઠે વસૂઓ એકજ પરમ તેજના વિવિધ આર્વિભાવો માત્ર છે એવી એકતાની ભાવના કરવા વાજસનેયી - યજ્ઞના મન્ત્રો મુજબ મનોમન આ આઠે વસૂઓને પરમ-પ્રકાશમાં એકરૂપ કરવા, વિલીન કરવાની જે આંતરિક પ્રક્રિયા થાય છે, તેના આધાર તરીકે બહાર આહુતિઓ અપાય છે. તે મન્ત્રો અને તેનો અર્થ નીચે મુજબનો છે. આ મંત્રોના ભાવો અનુભવતી વખતે શ્રી અરવિંદ જ પોતાની વાત કરી રહ્યાં છે એવું આપને અચૂક લાગશે.

**વાજસ્યનું પ્રસવે માતરં। મહિમાદિતિ નામ વચસા કરામહે।**
**યસ્યામિદં વિશ્વં ભૂવનમાવિવેશ। તસ્યાં નો દેવઃ સવિતા ધર્મ સાવિષત્ ॥** યજુ ૧૮/૩૦

દિવ્ય-પ્રકાશ સ્વરૂપ અન્નને જ (વાજસ્યનુ) અમે પ્રકટ કરીએ છીએ (પ્રસવે) અને વાણીથી પણ (વચસા) તે અસીમ (મહિમ) અને અનાદિ નિત્ય (અદિતિ) દિવ્ય-તેજને ધારણ કરવાનો સંકલ્પ કરીએ છીએ (કરામહે) જે દિવ્ય-પ્રકાશ સ્વરૂપ દિવ્ય-શક્તિ મારા સ્વરૂપમાં (વિશ્વં) તથા સમસ્ત બ્રહ્માંડમાં (ભુવનં) ઓતપ્રોત થઈને રહેલ છે (આવિવેશ) તે દિવ્ય-શક્તિને (તસ્યા) અમે (નો) ભગવાન સૂર્યનારાયણની (દેવઃ સવિતા) શક્તિ તરીકે (ધર્મં) સમજીએ છીએ (સાવિષત્)

**વિશ્વે અદ્ય મરુતો વિશ્વઉતી। વિશ્વે ભવન્ત્વગ્નયઃ સમિદ્ધાઃ।**
**વિશ્વેનો દેવા અવસાગમન્તુ। વિશ્વમસ દ્રવિણં વાજો અસ્મે॥** યજુ ૧૮/૩૧

હવે (અદ્ય) મારા આ સ્વરૂપમાં (વિશ્વે) ઉર્ધ્વગતી કરતી પ્રાણ-શક્તિ (મરૂતઃ) તેમજ મારા આ સ્વરૂપમાં (વિશ્વઉતી) મારો ચૈત્યપુરૂષ (અગ્નયઃ) બન્નેને

(ભગવાન સૂર્યનારાયણ-દ્વારા) વધારેને વધારે પોષણ મળી રહ્યું છે (સમિદ્ધાઃ) આ અમારાં સ્વરૂપમાં (નો વિશ્વે) હવે દૈવિ-સ્વરૂપો અને શક્તિઓ (વા) આવાગમન કરે છે (અવસાગમન્તુ) અને અમારું (અસ્મે) આ સ્વરૂપ જ (વિશ્વમ્) દિવ્ય-પ્રકાશમય શક્તિનો (વાજો) પદાર્થ (દ્રવિણં) બની રહ્યું છે (અસ્તુ)

**વાજો નઃ સપ્ત પ્રહિશ। શ્ચતસ્ત્રો વા પરાવતઃ।**

**વાજો નો વિશ્વૈ દૈવૈ। ર્ધનસા તા વિહાવતુ॥** યજુ ૧૮/૩૨

અમારા સ્વરૂપનાં સપ્તધાતુ સ્વરૂપ સાત પાસા (સપ્ત-પ્રદિશઃ) મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર આ અંતઃકરણના ચાર પાસાઓ (ચતસ્ત્રો) તેમજ (વા) તેમનાથી ઉર્ધ્વમાં રહેલ બધા જ તત્ત્વો (પરાવતઃ) (દા.ત. વિજ્ઞાનમય અને આનંદમય ચેતના) તે અસીમ દિવ્ય-પ્રકાશ શક્તિ સ્વરૂપ બની રહો. અર્થાત તેઓ પણ તે દિવ્ય-પ્રકાશનાં આવિર્ભાવ સ્વરૂપ બની રહો. આ બાબતાં અમને વિશ્વ શક્તિઓ દ્વારા મદદ કરનારા વિશ્વે દેવો (વિશ્વૈદેવૈઃ) અમે (નો) આ દિવ્યપ્રકાશ સ્વરૂપ ધનથી ધનવાન બનતા રહીએ (ધનસાતાવિહાવતુ)

**વાજો નો અદ્ય પ્રસુવાતિ ધનં। વાજો દેવાં ઋતુભિઃ કલ્પયતિ।**

**વાજો હિ મા સર્વવીરં જજાન। વિશ્વા આશા વાજપતિ ર્જયેયમ્॥** યજુ ૧૮/૩૩

હવે આ દિવ્ય-પ્રકાશ જ (અદ્ય વાજો) અમારામાં (નો) દિવ્ય-પ્રકાશના ઘસમસતા પ્રવાહોને નિર્માણ કરી (પ્રસુવાતિ) અમને તે ધન મેળવી આપે (ધનમ્) આ દિવ્ય પ્રકાશ જ પરમ-ચેતનાના (દેવાં) સત્ય સંકલ્પોને (ઋતુભિઃ) અમારી ચેતનામાં આન્તરપ્રેરણાઓ તરીકે આવિર્ભાવ કરે. આ દિવ્ય-પ્રકાશ સ્વરૂપ જ (વાજોહિ) મારામાં (માં) પરમ-ચેતનાને સર્વાંગ પૂર્ણ રીતે ધારણ કરવાનું સાહસ (સર્વવીરં) જન્માવે (જજાન) આ દિવ્ય-ચેતના ધારણ કરેલા મારા (આશા) સમગ્ર સ્વરૂપનો (વિશ્વા) હું માલિક બનું (વાજપતિ) અને મારો સતત આ સાહસમાં જય થાઓ (જજેયમ્)

**વાજં પુરસ્તાદ ત મધ્યતો નો। વાજો દેવાન્ હવિષા વર્ધયતિ।**

**વાજો હિ મા સર્વવીરં ચકાર। સર્વા આશા વાજપતિ ભવેયમ્॥** યજુ ૧૮/૩૪

અમારી આગળ (નો પુરસ્તાત્) તેમજ (ઉત) અમારી અંદર ઓતપ્રોત (મધ્યતો) પેલી દિવ્ય-પ્રકાશ સ્વરૂપ શક્તિ (વાજો) રહે. અમારા આ દિવ્ય-પ્રકાશિત સ્વરૂપને (વાજો દેવાન્) અમે અભીપ્સા સ્વરૂપ આહૂતિથી (હવિષા) સતત વધારે સમૃદ્ધ કરતા જઈએ (વર્ધયાતિ) આ દિવ્ય-શક્તિ જ (વાજો હિ) મારાં (માં) બધા તત્વોને પરમ-ચેતનાને ધારણ કરનારું સર્વાંગ પૂર્ણ સાહસ (સર્વવીરં)

નિર્માણ કરે (ચકાર) અને હું (આશા) સર્વાંગપૂર્ણ દિવ્ય સ્વરૂપ (વિશ્વા) ધારણ કરનાર (વાજપતિ) બની રહું (ભવેયમ્)

**સં મા સૃજામિ પયસા પૃથિવ્યાઃ  સં મા સૃજામ્યદ ભિરોષધીભિઃ।**

**સો હં વાજં સનેયમગ્ને॥** યજુ ૧૮/૩૫

હે મારા સ્વરૂપમાંના દિવ્ય-પ્રકાશ સ્વરૂપ અગ્નિ, મારા (માં) પાર્થિવતત્વ સ્વરૂપ ભૌતિક શરીરને (પૃથવ્યાઃ) અવતરણ પામતાં દિવ્ય-પ્રકાશથી (પયશા) શાંત (સં) કરી દઉં છું (સૃજામિ) તે જ અવતરણ પામતાં સક્રીય (અદ્ભિ) દિવ્ય-પ્રકાશ સ્વરૂપ દિવ્ય ઔષધિઓથી મારા પ્રાણમય મનોમય સ્વરૂપને પણ શાંત (સં) કરી દઉં છું (સૃજામિ) અને આવી રીતે હું તે જ (સો હં) સૂર્યશક્તિ સ્વરૂપ (વાજસનેયં) પ્રકાશ (અગ્નિ) બની જાઉં છું.

(શું આપને આ વાંચતી વખતે પ્રત્યક્ષ શ્રી અરવિંદ જાણે આપણને સાવિત્રી કાવ્ય જ સમજાવી રહ્યાં છે એવું નથી લાગતું? જો લાગે છે તો શું વેદોને કાલબાહ્ય ગણી શકાશે?

શ્રી અરવિંદને સમજવા વેદોનો સાચો અને ઊંડો અભ્યાસ અનિવાર્ય લાગે છે.- તંત્રી)


(ક્રમશઃ)

---

(પાના નં.૧૯ ઉપરથી)

ભારતીય તરીકે એવી અભીપ્સા સેવવી જોઈએ કે આપણા નૈસર્ગિક સદ્‌ગુણોને આપણે જાણીએ. એટલું જ નહિ પણ તેનું શ્રેય પ્રભુને આપતા પણ શીખીએ.

(સાચો યોગી પોતામાં જે છે  પ્રભુની ભેટ સમજે છે અને તેથી તેનુ અભિમાન લેતો નથી. તે જાણે છે કે પ્રભુ જ તેને ઘડી રહ્યાં છે અને તેનો વિકાસ કરાવી રહ્યાં છે. અરે આપણા વતી, આપણાં હ્રદયમાં રહીને, તે જ સાધના કરી રહ્યાં છે. આ ફક્ત પ્રભુની સ્તુતિ નથી પણ નક્કર વાસ્તવિકતા છે. ચાલો ભાવિ ભારતના ઘડતરમાં આપણું યોગદાન આપીએ અને ભારતમાતાનું ઋણ ચુકવવાનું ન ભુલીએ. અને તે પણ સાચી ભારતીય સભ્યતાને, સાચી આધ્યાત્મિકતાને, જીવીને જ . - તંત્રી)



શ્રી અરવિંદ

હે અતિમનસનાં કવિ, તવ ધારણા રહી ફળી,
ધરાતળે પ્રભુ-સોણલાં, વસે જગરૂપ ધરી.

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS FOR INDIA
No. 07598/22 A.K. 9 - T.C. WPP REGD. No.GRJ-303



ઓર્ચિડ

DATE OF POSTING : 1st OF EVERY MONTH